PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ

# કોશિશ થી કામયાબી

Since 1-8-1974

વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિનું માસિક

૧૫ જુન : ૨૦૨૫, અંક નં. ૧૫૦/૫૧૬

પેઇજ નં. પાંચ



સ્વ. ખુશેન્દ્રભાઈ દેસાઈની
ચિર વિદાય

## PNRમાં ચાલતી
## શ્રી ગોકુલભાઈ શાહ અન્નદાન યોજના
## દિવ્યાંગ પરિવારોને અન્નદાન કીટ




Koshish thi Kamyabi ◆ R.N.I. No. GUJGUJ/2013/48176 ◆ Postal Reg. L2/36/RNP/BVR-414/2025-27 ◆ Monthly
Date of Publication : 15 June - 25 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24

# શ્રી શાહ ખી. લ. બહેરાં-મૂંગા શાળા તસ્વીર સમાચાર



નેશનલ એથ્લેટીક્સમાં વિજેતા નિકેન વઢિયારનું સન્માન




જાગૃત ગ્રાહક વિષે વાર્તાલાપ




ધોરણ ૮ના બાળકોનો વિદાય સમારોહ




કેરાલા ખાતે નેશનલ સ્વીમિંગ ચેમ્પીયનશીપમાં શાળાના વિદ્યાર્થીઓ




એરપોર્ટની મુલાકાતે વિદ્યાર્થીઓ...



મહિલા દિવસની ઉજવણીમાં વિદ્યાર્થીનીઓ...

# કોશિશથી કામયાબી

**આ અંકમાં ...**


- બહેરાં-મૂંગા શાળા તસ્વીર સમાચાર.................૦૨
- INDEX...................................૦૩
- દાતા સ્વ. ખુશેન્દ્રભાઈ દેસાઈ.....................૦૪
- સ્વ. મિનાક્ષીબેન...............................૦૪
- શ્રી ગોકુલભાઈ શાહ અન્નદાન યોજના.............૦૫
- નટરાજ સી. પી. બાળકોની શાળા...................૦૬
- કે. એન. શાહ 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ ...........૦૮
- દિશા કમ વિકાસ પ્રોજેક્ટ.........................૦૯
- દિવ્યાંગોને ટ્રેનિંગ માટે લેપટોપ વિતરણ.............૧૦
- અંબા સી. પી. હોસ્ટેલ..........................૧૦
- કેસ સ્ટડી - સાકિરઅલીને.........................૧૦
- નિકેન વઢિયારનો સન્માન કાર્યક્રમ'.................૧૧
- શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા (પ્રા.વિ.)........૧૨
- કેસ સ્ટડી - ''લોહીની સગાઈ''.....................૧૨
- શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા (ઉ.મા.).........૧૩
- શ્રી શાહ ખી.લ.બહેરાં-મૂંગા શાળા મહેતા છા. .......૧૫
- શ્રી ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલય.............૧૫
- શ્રીમતી પી.આર. વાધર સાધન-સહાય વર્કશોપ.......૧૬
- શેઠશ્રી વી. સી. લોઢાવાળા હોસ્પિટલ................૧૬
- 'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની શાળા..............૧૭
- ભાનુવાડી વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર..................૧૮
- ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજ (MR) .....................૧૮
- લાઈબ્રેરી........................................૧૯
- સ્પેશ્યલ ખેલ મહાકુંભમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન.............૨૦
- પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપ ............................૨૧
- ડોનેશન લિસ્ટ....................................૨૨
- PNR તસ્વીર સમાચાર.........................૨૩


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મુકતાં આનંદની લાગણી અનુભવું છું.

## દિવ્યાંગો માટે કોરોના 'ન્યૂ નોર્મલ'

હાલના સમયમાં વિશ્વના મેટ્રો સિટીથી લઈને ભાવનગર સુધી Covid-૧૯, જે SARS Cov-૨ વાયરસ ધીરે-ધીરે ફેલાય રહ્યો છે, જે ખાસ તો શ્વસનતંત્રને ક્ષતિગ્રસ્ત કરે છે અને ગીચ જગ્યાઓમાંથી વધુ ફેલાય છે. આમાંથી માસ્ક, સોસ્યલ ડિસ્ટન્સીંગ અને હાઈજીન આપણને બચાવી શકે છે.

મિત્રો, કોરોનાના પ્રથમ આક્રમણની ભયંકર વિભીષિકામાંથી આપણે સૌ પસાર થઈ ચૂકયા છીએ. સમગ્ર વિશ્વમાંથી ૭૫ લાખ ઉપરાંત વ્યકિતઓ આ રોગમાં મૃત્યુ પામેલી. આ સિવાયની વિવિધ ક્ષેત્રમાં થયેલી ખાના-ખરાબી તો બેહિસાબ હતી. આ મુશ્કેલીના સમયે આપણી PNR સંસ્થા ભાવનગરમાં, દિવ્યાંગો અને જરૂરિયાતમંદો માટે વિવિધ રીતે મદદગાર થઈ હતી અને ૧૪૦૦ ઉપરાંત રાશન કીટનું વિતરણ; ઈમ્પેકટ ફાઉન્ડેશન, યુ.કે. અને અન્ય દાતાઓની મદદથી કરી શકી હતી.

ઈન્ડિયન મેડિકલ એસોસિએશન જુનિયર ડોકટર્સ નેટવર્કના સંવાદ દાતા ડો. ધ્રુવ ચૌહાણે કહ્યું છે કે,''લોકોએ ગભરાટ ફેલાવાની જરૂર નથી. JN 1 વેરિયન જે એમિક્રોન BD 2.86 માંથી આવેલ છે, એજ અત્યારે પ્રસરતો Covid-19 છે, જે જીવલેણ નથી.'' ડો. અવિરલ માથુર (એસોસિએટ કન્સલ્ટન્ટ, સર ગંગારામ હોસ્પિટલ, દિલ્હી) એ કહ્યું કે, ''આ બીમારીના ચિન્હો સામાન્ય જ છે અને બચાવથી નિવારી શકાય છે.''

મિત્રો, જન્મથી જ નબળાઈઓ સાથે જન્મેલા દિવ્યાંગો પર, ચેપી રોગોની અસર ખૂબ જલ્દી અને વધુ થાય, એ સ્વાભાવિક છે. જો કે પાછલા અનુભવના આધારે હવે પછીની કોરોના સામેની લડાઈ સરળ રહેશે. જો આપણે શાન્તિથી પ્રિવેન્શન કરી, ઈમ્યુનિટી વધારી, ઉત્સાહથી જીવનમાં આગળ વધતા રહેશું અને આ સમયને પસાર થઈ જવા દઈશું તો ફરીથી સામાન્ય જીવન જીવતા રહેશું, એવી આશા સ્વાભાવિક છે. અસ્તુ.

**✍ કિરીટ રાઠોડ**

**Education is the ability to listen to almost anything without losing your temper or your self confidence.** ✍ Robert frost


**Koshish Thi Kamyabi**
RNI No. GUJGUJ/2013/48176
Postel Reg. No. L2/36/RNP/
BVR-414/ 2022-24, Monthly

- **અંક નં. : ૧૫૦/૫૧૬**
  ૧૫ મે - ૨૦૨૫
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન: (૦૨૭૮) ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  મો.: ૯૪૯૯૬૬૧૬૯૪/૯૪૯૯૫૫૭૯૭૭
  **E-mail :** info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  **Visit us :** www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  વંશિકા ફોર્મ્સ, ભાવનગર
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક ''શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર''ના નામનો આપવા વિનંતી.**
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  વંશિકા ફોર્મ્સ, ભાવનગર
- સંપાદક મંડળ
  **ફાલ્ગુની ખાટસુરિયા**
  **ગજાનંદ ભટ્ટ**
  **જ્યોતિ ભટ્ટી**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **રાજેશભાઈ હકાણી**



**જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |




# “તમારો ધર્મ શું ?” તો કહે, “કરૂણા મોટો ધર્મ.”
# આમ કહેનારા દાતા ખુશેન્દ્રભાઈ દેસાઈનું અવસાન

અનંત શાહ (બાબાભાઈ)



આપણી PNR સોસાયટી અને જુથની સંસ્થાઓના ઉદાર દિલ દાતા શ્રી ખુશેન્દ્રભાઈ જયંતિલાલ દેસાઈનું તા. ૩૦-૫-૨૫ ના રોજ લોનાવાલા ખાતે દુઃખદ અવસાન થયું છે. તેમના જવાથી દિવ્યાંગોના શુભચિંતક શ્રેષ્ઠીની આપણને મોટી ખોટ પડી છે. ઈશ્વર તેમના આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના.

ખુશેન્દ્રભાઈનું વતન બગસરા. કર્મભૂમિ આઈસલેન્ડ. પ્રદેશ હિમાચ્છદિત. વસતિ માંડ પાંચ લાખની. તેમાં એક માત્ર ગુજરાતી ખુશેન્દ્રભાઈ, પત્નિ થોરૂન્નબહેન સાથે રહે. પોતે જૈન વાણિયા, પત્નિ ક્રિશ્ચિયન, બંનેના ધર્મ જુદા, પણ માનવતાવાદી અભિગમમાં બંને એક. પૂછો કે ‘તમારો ધર્મ શું’ ? તો કહે,‘કરૂણા મોટો ધર્મ’ અમારો.

૧૯૯૫માં ખુશેન્દ્રભાઈ તેમના પત્નિ અને માતા વસંતબહેન સાથે ભાવનગર આવેલા. મારા નાનાભાઈ અશ્વિનના ઘરે ઉતારો. અશ્વિનની વાઈફ ખુશેન્દ્રભાઈના ફૈબાની દીકરી થાય, ભાવના (ભારતી). ત્યારે તેમની સાથે મારી ઓળખાણ થયેલ. મને આ દંપતિ દિલચશ્પ લાગ્યું. બંનેને એકજ શોખ, દર વર્ષે માતૃભુમિનો પ્રવાસ ખેડવો, સિંગાપોરથી માતા વસંતબહેનને સાથે લેવા અને મુંબઈ, ભાવનગર, ગોંડલ, બગસરા, રાજકોટમાં સગા-વહાલાં, સ્નેહીઓ, મિત્રોના ખબર અંતર પૂછવા તેમના ઘરે જવું, દેરાસરમાં દર્શન, તો સાધુ-સાધ્વીની વયાવચ અને જ્યાં મન માને ત્યાં દાનનો પ્રવાહ વહેવડાવવો.

પહેલી વખત મળ્યાં, ત્યારે હું તેમને નવા બંધાય રહેલા ‘અંકુર’ મંદબુધ્ધિવાળા બાળકોની શાળાનું કેમ્પસ જોવા લઈ ગયો. પૈસાને અભાવે કામ અટકી ગયું હતું, મેં વાત કરી, અમારે દાનની જરૂરિયાત છે. મારા આશ્ચર્ય વચ્ચે માતુશ્રી વસંતબહેને ઈશારો કર્યો અને ખુશેન્દ્રભાઈએ કહ્યું ‘‘આ પ્રાર્થના ખંડ માટે મારા માતા-પિતાની સ્મૃતિમાં રૂપિયા સવાત્રણ લાખ દાનની રકમ આપું છું.’’ આ વાતને આજે ૩૦ વરસ થયા. પ્રાર્થના ખંડમાં હંમેશા પ્રાર્થના થાય છે, ઉપરાંત ખુશેન્દ્રભાઈના પિતાશ્રી, માતુશ્રી, પત્નિ થોરૂન્નબહેનને અંજલી આપવા પ્રતિ વર્ષ પ્રાર્થના સભા યોજાય છે. તેમાં ખુશેન્દ્રભાઈના ખાસ પસંદ કરાયેલા ભજન અને ગીતો જેવા કે, ‘ભૂલો ભલે બીજુ બધું મા-બાપને ભૂલશો નહીં’, ‘ચલો ચલે મા સપનો કે ગાંવ મે’ અને ‘વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે’ તે ભાવનાબહેન મહેતા વગેરેના કંઠેથી અચૂક ગવાય છે.

ખુશેન્દ્રભાઈ અને તેમના પત્ની થોરૂન્નબહેને આ ૩૦ વરસમાં શાળાના વર્ગ ખંડો, ફેન્સિગ વોલ, ઓટોરીફેક્ટોમીટર, મેટ્રિક થેરાપી મશીન, બાળકોના કપાયેલાં હોઠ, તાળવાનું કાણું વગેરેની પ્લાસ્ટિક સર્જરીના ખાસ ઓપરેશન થિયેટર, અંધશાળામાં નવો પ્રાર્થના ખંડ, વગેરેમાં અત્યાર સુધીમાં દોઢેક કરોડ રૂપિયાનું દાન PNR અને જુથની સંસ્થાઓમાં આપ્યું છે.

ખુશેન્દ્રભાઈ અને થોરૂન્નબહેનની સંવેદનાની વાતો કરીએ તો પાના ભરાય. તેથી એક દૃષ્ટાંતથી વિરામ લઈશું. એક વખત આ દંપતિ માતુશ્રી વસંતબહેન સાથે લોઢાવાળા હોસ્પિટલ જોવા આવ્યું. દર્દીનારાયણની સેવાથી એટલા પ્રભાવિત થયા કે તેમની પાસે હતા તે પૈસાનું દાન કરવા લાગ્યા. છેવટે એક આઈટમ માટે પૈસા ખલાસ થઈ ગયા. એરપોર્ટ પહોંચ્યા ત્યારે થોરૂન્નબહેનનું ધ્યાન ગયું. તેના પર્સમાં પાંત્રીસેક હજાર રૂપિયા બચ્યાં હતાં. તેમણે ફોન કર્યો, રાજુભાઈ હકાણીને એરપોર્ટ બોલાવ્યા અને પર્સ ખંખેરીને જે હતું તે બધું આપી દીધું.

આવા કરૂણા મોટો ધર્મ સમજનારા દાતા ખુશેન્દ્રભાઈનું હાલમાંજ તા.૨૭-૪ના રોજ મુંબઈ મુકામે યોજાયેલેલા સમારોહમાં ખાસ સન્માન કરવામાં આવ્યું હતું.

## શ્રધ્ધાજંલિ



સ્વ. મિનાક્ષીબેન ભટ્ટ, કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાના ગૃહમાતા હતા. સંસ્થાના કપરા દિવસોમાં કોઈને ત્યાં લગ્ન પ્રસંગે ફંડ ફાળો કરવા જતા હતા. પી.એન.આર. સોસાયટીના અન્નદાન પ્રોજેકટમાં તેમના રિસોર્સથી ઘણું દાન પ્રાપ્ત થયું છે. તેઓ સેવાભાવી, કરૂણાસભર, અને સંવેદનશીલ વ્યકિતત્વ ધરાવતા હતાં. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના.

# PNRમાં ચાલતી શ્રી ગોકુલભાઈ શાહ અન્નદાન યોજના
# દિવ્યાંગ પરિવારોને અન્નદાન કીટ વિતરણ

શ્રી ગોકુલભાઈ શાહ, અન્નદાન યોજના અંતર્ગત પ્રમુખદાતા શ્રી ડી. કે. અજમેરા-ફાઉન્ડેશન ટ્રસ્ટ અને પરિવાર તેમજ PNR સોસાયટી અને સહયોગી દાતાઓ તરફથી અનાજ કરીયાણાની કીટ વિતરણ કરવામાં આવે છે.

આ યોજનાના લાભાર્થીઓ સેરેબ્રલ પાલ્સિ, ઓટિઝમ, બહુવિધ વિકલાંગ બાળકોને ઉપયોગી થાય તેવા અનાજ-કરીયાણા, મસાલા, તેલ વિગેરે કીટનું વર્ષમાં ત્રણ-ચાર વખત વિતરણ કરવામાં આવે છે. જેમાં ભાવનગર શહેર તેમજ તળાજા, મહુવા, શિહોર, પાલિતાણામાં સંસ્થાના રિસોર્સ સેન્ટર પર પણ આ કીટ લાભાર્થીને ઘરે-ઘરે પહોંચતી કરવામાં આવે છે.

**આ યોજનામાં પ્રમુખ દાતા શ્રી ડી. કે. અજમેરા - ફાઉન્ડેશન ટ્રસ્ટ અને પરિવાર છે.**
**આ યોજનાના સહયોગી દાતા નીચે મુજબ છે.**

શ્રી અતુલભાઈ અજમેરા
શ્રી ઈલાબેન અનંતરાય શાહ
શ્રી વસંતરાય એમ. ગાંધી
હ. પ્રણયભાઈ ગાંધી
શ્રી મનહરભાઈ કે. રાજાણી
શ્રી અભિલાશભાઈ બી. શાહ
(અભેદ્‌ય ટેક. સર્વિસ પ્રા.લિ.)
શ્રી ચીમનભાઈ કેશવભાઈ શાહ
શ્રી રેશ્માબેન અનંતરાય શાહ
શ્રી હરીશ સી. મહેતા
શ્રી એકસેલ ઈન્ટરનેશનલ
શ્રી પંકજભાઈ શશીકાંત ઝવેરી
શ્રી પ્રવીણભાઈ મણીલાલ શાહ
શ્રી મનન પારસભાઈ શાહ
શ્રી નિલેશભાઈ એમ. કાપડિયા
શ્રી ભાનુમતીબેન સી. શાહ
શ્રી ગીગાભાઈ નટુભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ

શ્રી મીતુલભાઈ જયસુખલાલ દોશી
શ્રી નયનાબેન ધીરેનભાઈ શાહ
શ્રી હંસાબેન ફતનાણી
હ. ડો. કવિતાબેન પારસ શાહ
શ્રી નરેશભાઈ પી. ડાંગી
શ્રી મૃદુલાબેન જે. મહેતા
શ્રી જીતુભાઈ સી. મહેતા
(જિજ્ઞા અને ઉર્વશીબેન)
શ્રી હલ્સટોન ગ્લોબલ - મુંબઈ
શ્રી મહેશભાઈ અનંતરાય રાવળ
શ્રી સતીશભાઈ બજરિયા
શ્રી ઓસવાલ ચેરિટીઝ
શ્રી ગૌતમ ટ્રેડિંગ કું.,
શ્રી ગૌતમ પ્લાસ્ટિક
શ્રી ગૌરવ જી. કાપડિયા
શ્રી પ્રેરીત પ્રફુલભાઈ મહેતા

શ્રી સપનાબેન નૈનીશભાઈ શાહ
શ્રી વિક્રમભાઈ નવનીતલાલ મેહતા
શ્રી વસંતબેન નગીનદાસ કપાસી
હ. સરલાબેન-ઈલાબેન એન્ડ ફેમિલી
શ્રી રશેષભાઈ આર. દોશી
શ્રી નીરૂબેન વિરેન્દ્ર સંઘવી
ચેરીટેબલ ટ્રસ્ટ - મુંબઈ
શ્રી ઉષાબેન ચંદ્રવદન શાહ
શ્રી હેમલતાબેન એમ. દોશી
શ્રી જયંતભાઈ રાજયગુરૂ
શ્રી ફોર્ચ્યુન વર્ચ્યુ
ડો. કવિતાબેન પારસ શાહ
શ્રી સાદીકઅલીભાઈ આઈ. લક્ષ્મીધર
શ્રી પારસભાઈ ચંદુલાલ શાહ
શ્રી દિનેશભાઈ એ. દોશી
શ્રી ગીતાબેન સતીષભાઈ બજરીયા

## આ યોજનામાં તમે પણ સૌ જોડાય શકો છો.

૧. આજીવન ૧ દિવ્યાંગ બાળકને સ્પોન્સર કરવાના રૂા. ૫૦,૦૦૦/-
૨. આંશિક સ્પોન્સર કરવાના રૂા. ૨૫,૦૦૦/- (જેમાં તમારી સાથે બીજા એકને જોડી શકાશે.)
૩. રૂા. ૨૫,૦૦૦/- થી ઓછી રકમ પણ દાન સ્વરૂપે સ્વિકાર્ય છે.

સહાય માટે આપ PNR Society ના નામનો ચેક મોકલી શકશો અથવા બેંકથી ટ્રાન્સફર કરી શકશો. ડિટેઈલ્સ નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| Name of A/c | : | PNR Society |
| Bank Name | : | State Bank of India |
| A/C No. | : | 56009062951 |
| IFS Code No. | : | SBIN0060009 |
| Branch | : | Crecent Circle, Krishnanagar, Bhavnagar |



# નટરાજ મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની શાળા



વિભૂતિ વ્યાસ

### ચકલી જાગૃતિ દિવસ :




"તારો વૈભવ રંગમહેલ, સોનું ને ચાકર ધાડું,
મારે ફળિયે ચકલી બેસે, એ મારૂં રજવાડું" - રમેશ પારેખ

પ્રદુષણના વધતા જતા પ્રમાણ અને આધુનિકીરણના વિકાસને લીધે વૃક્ષોનું પ્રમાણ ઘટયું છે. જેની અસર પક્ષીઓ પર વધુ જોવા મળે છે.

જેમાં હાલના તબકકે સાવ લુપ્ત થતી જતી નાનકડી અને સુંદર આકર્ષણ ધરાવતી ચકલીની પ્રજાતિની સંખ્યા ઘટવા લાગી છે. તેથી જાગૃતિના ભાગ રૂપે શાળામાં ચકલી જાગૃતિ દિવસની ઉજવણી તા. ૨૦ માર્ચના રોજ કરવામાં આવી હતી. જેના અંતર્ગત "એક મજાનો માળો, એમાં દસ ચકલીઓ રહેતીતી" નું અભિનય ગીત નાના ભૂલકાંઓ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું, "ચકીબેન-ચકીબેન મારી સાથે રમવા આવશો કે નઈ" ના આર્કષક પપેટના માધ્યમથી અભિનય રજૂ કરવામાં આવ્યો હતો. નાના સી.પી. બાળકોએ મનમોહક ચકલીના મહોરાં પહેરી, 'ફરર.. ફરર.. ઉડી', પોતાની દિવ્યાંગતાની હદને પાર કરી હતી. ધો- ૮નો વિદ્યાર્થી ભસોટિયા પાર્થ એ, ચકલીનું મહત્વ સમજાવતી સરળ અને સ્પષ્ટ સમજુતી આપી હતી. આ સાથે વર્ગ કાર્ય દરમ્યાન ચકલીના ચિત્રમા મનગમતી રંગ પૂરણી પણ કરવામાં આવી હતી.

### કેન્સર જાગૃતિ સ્ક્રિનીંગ :

તા. ૨૪ માર્ચના રોજ નટરાજ સી.પી. સ્કૂલ અને આશીર્વાદ ફાઉન્ડેશન, નવરંગપુરા, અમદાવાદના સંયુક્ત સૌજન્યથી કેન્સર જાગૃતિ સ્ક્રિનીંગનુ આયોજન કરવામાં આવ્યું હતું. આજના આધુનિક યુગમા સતત વ્યસ્તતા અને જવાબદારીઓમાં સ્ત્રીને પોતાનું ધ્યાન રાખવું એ મુશ્કેલી ભર્યુ છે, ત્યારે "પહેલુ સુખ તે જાતે નર્યા" પંક્તિને સાર્થક કરતું પગલું



લેવામાં આવ્યું હતું. **બ્રેસ્ટ કેન્સર સ્ક્રિનીંગ કેમ્પ**નું આયોજન નટરાજ કોલેજમાં કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદથી પધારેલા, સ્ક્રિનીંગનાં નિષ્ણાત કે જેઓ ૧૫ વર્ષનો બહોળો અનુભવ ધરાવે છે, એવા શ્રી પારૂલબેન અને ભાવનાગરના આશીર્વાદ ફાઉન્ડેશનના કાર્યકર શ્રી ભાનુબેન બોરિચા દ્વારા શાળા સ્ટાફ, વાલીશ્રીઓ, તાલીમાર્થીઓ એમ કુલ ૫૭ બહેનોનું સ્ક્રિનીંગનું કાર્ય સવારના ૧૦ થી સાંજના ૬:૧૫ દરમ્યાન કરવામા આવ્યું હતું. આ સમગ્ર કેમ્પનું આયોજન શ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા અને તેનું સમગ્ર સંકલન શ્રી જયોતિબેન પરમાર દ્વારા કરવામા આવ્યું હતું.

### ફાયર સેફટી તાલીમ :

તા. ૮ માર્ચના રોજ સી.પી. સ્કૂલ, તેમજ નટરાજ બોયઝ હોસ્ટેલના સ્ટાફ, વાલીઓ અને ટીચર્સ ટ્રેનિંગ કોલેજના તાલીમાર્થીઓને ફાયર સેફટી, ફાયર એક્ષ્ટીંગ્યુસર સિલિન્ડર દ્વારા, તેમજ એલાર્મ સિસ્ટમની મોક ડ્રીલ કરી, તાલીમ આપવામાં આવી હતી. જેમાં કુલ ૭૦ સંખ્યા ઉપસ્થિત હતી.

### સમર કેમ્પ-૨૦૨૫ :



તા. ૨૨ થી ૩૦-૪ સુધી શાળામાં **સમર કેમ્પ**નું આયોજન કરવામાં આવેલ. સમર કેમ્પ એ એક અલગ અનુભવ છે જે સામાન્ય રીતે હોસ્ટેલ અને સ્થાનિક બાળકો માટે શાળા, વિદ્યાર્થી માટે ઉપચારાત્મક શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરીને આયોજનમાં આપે છે, જેથી ખાતરી કરી શકાય કે બાળકો આગામી શૈક્ષણિક વર્ષ માટે તૈયાર થઈ શકે.

આ કેમ્પમાં એવી વિવિધ પ્રકારની વિશિષ્ટ પ્રવૃત્તિઓને કેન્દ્ર સ્થાને રાખવામાં આવે છે, જે તેના સર્વાંગી વિકાસને સ્પર્શતી

હોય છે.

તા. ૨૨-૪ ના રોજ યોગ વિષય પર વિવિધ યોગ, સૂર્ય નમસ્કાર, ઝુમ્બા અને વિવિધ આકર્ષક કસરતો બાળકોને શીખવવામાં આવેલ. જેમાં શ્રી જીજ્ઞાબેન, શ્રી ખેવનાબેન, શ્રી રૂપલબેન અને શ્રી કોમલબેને સંકલન કર્યું હતું.

તા. ૨૩-૪ ના રોજ પ્રિ-વોકેશનલ પ્રવૃત્તિના અવનવા સેશન રાખવામાં આવેલ. જેમાં બાળકોને અગરબત્તી, ધુપસ્ટિકના ગણતરી સાથેના પેકિંગ, નકામા કાગળની સ્ટીક બનાવવી, વગેરે પ્રવૃત્તિઓ કરાવવામાં આવેલ. જેમાં શ્રી વરૂણભાઈ વ્યાસ, શ્રી શીતલબેન દવે, શ્રી રીનાબેન વસોયા, શ્રી દિપ્તીબેન રાજયગુરૂ અને શ્રી હર્ષાબેન પાડલિયા દ્વારા શીખવવામાં આવ્યું હતું.

તા. ૨૪-૪ ના રોજ સ્પોર્ટ્સ સેશન રાખવામાં આવેલ. જેમાં ચેસ, કેરમ, સંગીત ખુરશી, ફૂલ રેકેટ, બોચી, દોરડા કૂદ વગેરે રમતોની સાથે, એક મિનીટ ગેમ્સનું આયોજન કરવામા આવેલ. સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, ટ્રેઝરર શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા વગેરે મહાનુભાવોની ઉપસ્થિતિએ બાળકોમાં નવી ઉર્જા પ્રદાન કરી હતી. શ્રી કાર્તિકભાઈ વ્યાસ અને તેની ટીમે આ આયોજન કર્યું હતું.

તા. ૨૫-૪ ના રોજ બાળગીત, અભિનય ગીત, ડ્રામા, બાળ ફિલ્મ વગેરેનું આયોજન શ્રી વિભૂતિબેન વ્યાસ, શ્રી માધવીબેન વાળા અને શ્રી બીનાબેન જાનીએ કર્યું હતું.

તા. ૨૭-૪ ના રોજ બાળકો માટે ખાસ જંપીંગ, ચકડોળ, વગેરેનું આયોજન શ્રી જયોતિબેન પરમાર અને તેની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

તા. ૨૮-૪ ના રોજ ફાયરલેસ કુકીંગનું સુંદર આયોજન કરવામાં આવેલ. જેમાં મનભાવક અવનવી વાનગીઓ, બાળવાટિકાથી લઈ ધો. ૮ સુધીના બાળકોએ બનાવેલ.

ઉપરોકત બાળ વિકાસને ધ્યાનમાં રાખી સમર કેમ્પનું સુંદર આયોજન શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ શ્રી વિભૂતિબેન વ્યાસ અને શ્રી તૃપ્તિબેન મહેતાએ કર્યું હતું.

**વાર્ષિક વાલી મિટીંગ :**



તા. ૧-૫ ના રોજ શૈક્ષણિક વર્ષના અંતની વાર્ષિક વાલી મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અગત્યના મુદ્દામાં બાલવાટિકાથી ધો. ૧-૮ ના સી.પી. વિદ્યાર્થીઓના દ્વિતીય સત્રમાં કરાવેલ વાર્ષિક મૂલ્યાંકનના પરિણામ વિતરણ તથા ધો. ૮ ના સફળ વિદ્યાર્થીઓનો ઉચ્ચ અભ્યાસ માટે શુભેચ્છા કાર્યક્રમનું આયોજન નટરાજ ઓડિટોરિયમ ખાતે કરવામાં આવ્યું હતું.

સમૂહ પ્રાર્થના કરીને કાર્યક્રમની શરૂઆત આચાર્યશ્રી દ્વારા સૌના આવકાર સાથે, દ્વિતીય સત્રની વિદ્યાર્થીઓની રચનાત્મક પ્રવૃત્તિઓની માહિતી આપી હતી.

વિ. શિ. શ્રી કાર્તિકભાઈ વ્યાસે **સી.પી. ખેલ મહાકુંભ**ની રાજય કક્ષાની રમત વિશે માહિતી આપી હતી. વિ. શિ. શ્રી ખેવનાબેન ઓઝાએ **સમર કેમ્પ, વાલી તાલીમ** અને અન્ય પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. સંસ્થાના જ દિવ્યાંગ બાળકો નિર્મિત ગિફટ હેમ્પરથી ધો. ૮ ના ઉપસ્થિત વિદ્યાર્થીઓ પાર્થ, ફેની અને કપિલને શુભેચ્છા પાઠવતા, હર્ષના આંસુ વહી ગયા હતાં. પાર્થએ શાળાના શરૂઆતથી અત્યાર સુધીમાં તેને થયેલ ફાયદાઓ અને કૌશલ્યોની ટૂંકી વાત, પોતાના સંસ્મરણોમાં વાગોળી હતી. વાલીઓ વતી ધો. ૧ થી ૮ ના બાળકો સુરભી અને ફેનીના વાલીઓએ પણ પોતાનો અભિપ્રાય વ્યકત કર્યો હતો.

શ્રી લાલજીભાઈ પંડયાએ હોસ્ટેલની પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. વિ. શિ. શ્રી જયોતિબેન અને વિ. શિ. શ્રી વિભૂતિબેનએ મિટીંગ માટે રજીસ્ટ્રેશન અને વ્યવસ્થા ગોઠવણીની કામગીરી કરી હતી. વાલી મિટીંગનું સમગ્ર સંચાલન શ્રી જીજ્ઞાબેન સોલંકીએ કર્યુ હતું. વાલી મિટીંગમાં ૫૦થી વધુ વાલીઓ જોડાયા હતાં.

**વાલી તાલીમ :**



તા. ૨૫-૪ થી ૩૦-૪ ૪ દિવસ વાલી તાલીમ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ દિવસની શરૂઆત પ્રાર્થના અને શુભેચ્છા સંદેશ દ્વારા કરવામાં આવી હતી. અતિથિ તરીકે ડો. પ્રિતીબેન મુની ઉપસ્થિત રહ્યાં હતાં. આ ઉપરાંત સંસ્થાના માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા વાલી તાલીમના મહત્વ અંગે સમજાવવામાં આવ્યું હતું.

ચાર દિવસીય વાલી તાલીમમાં બે સેશન ઓફલાઈન

માધ્યમથી, તેમજ એક સેશન ઓનલાઈન માધ્યમ વડે યોજાયેલ. જેમાં નટરાજ સી.પી. સ્કૂલના આચાર્ય શ્રી જીજ્ઞાબેન સોલંકી, તેમજ સમગ્ર શિક્ષકોના સેશનો ગોઠવેલ. જેમાં શિક્ષણ પ્રણાલી, વર્તન સમસ્યા અને તેનું ગ્રાન્ટેડ નિરાકરણ, O.T., P.T., ભાષા-વાણી-વિકાસ, A.D.L., હાઈડ્રોથેરાપી, પૂર્વ વ્યવસાયિક તાલીમની સાથે ડો. પુનમબેન હરીયાણી દ્વારા હોમીયોપેથિક દવાઓના મહત્વ વિશે માહિતી આપેલ. તેમજ ડો. સલોનીબેન ચૌહાણ દ્વારા દિવ્યાંગ બાળકોના ડાયેટ પ્લાન અંગે જાણકારી આપેલ. આ ઉપરાંત ડો. પ્રવીણ દેશમુખ, ડો. અંબર ગુપ્તા, ડો. નિલેશ મકવાણા જેવા તજજ્ઞોએ જ્ઞાનના ઓજસ પાથરેલ.

સમગ્ર કાર્યક્રમ શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન નીચે શ્રી ખેવનાબેન ઓઝા અને શ્રી કાર્તિકભાઈ વ્યાસના સંકલનમાં પૂર્ણ કરવામાં આવેલ.




# કે. એન. શાહ 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ



ધીરુભાઈ ધંધુકિયા

**'હેલ્ધી ફૂડ ફેસ્ટિવલ' :**



સ્કૂલમાં તા. ૨૨-૩ ના રોજ 'હેલ્ધી ફૂડ ફેસ્ટિવલ' નું આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમમાં સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, શ્રી કેતનભાઈ રૂપેરાએ હાજરી આપી હતી. શાળાના શિક્ષક શ્રી દક્ષાબેને પોષણયુક્ત આહાર લાવવા પર ભાર મૂક્યો હતો. આ કાર્યક્રમમાં બાલમંદિર, તેમજ ધો. ૧ થી ૧૧ ના વિદ્યાર્થીઓની આવડત પ્રમાણે મિક્સ સલાડ, કોર્ન ચાર્ટ, ફ્રુટ પિઝ્ઝા, ચાટ બાસ્કેટ, મિક્સ કઠોળ, ચણા-મસાલા, પાણીપુરી, ખજૂર બોલ્સ, દહીંવડા, લીંબુ સિકંજી વગેરે જેવી વિવિધ ડીશ તૈયાર કરી હતી. શાળાના આચાર્ય શ્રી હિતેનકુમાર પંડયાએ વિદ્યાર્થીઓને જંકફુડથી દૂર રહી, હેલ્ધી ખોરાક ખાવા માટેની પ્રેરણા આપેલ. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલી વિવિધ વાનગીઓનું નિદર્શન હતું. દરેક બાળકોએ ખૂબ જ ઉત્સાહ દર્શાવ્યો હતો.

**'ફાગુનોત્સવ' :**

સ્કૂલમાં તા. ૨૭ માર્ચ ના રોજ બાલમંદિર વિભાગમાં 'ફાગુનોત્સવ' ની ઉજવણી કરવામાં આવી હતી. તે અંતર્ગત તમામ વિદ્યાર્થીઓ કેસરી પરીધાનમાં આવેલ. દરેક વિદ્યાર્થીઓ



દ્વારા ગાજરના ચિત્રમાં મસૂરની દાળ અને મગ વડે ચીટક કામ કરવામાં આવેલ. કેસરી રંગની વસ્તુ જેવી કે કેસુડો, સંતરા, ગાજર, હળદર વગેરેથી સુશોભન કરી, ગુણો વિશે સમજણ આપેલ.

**'ગ્રીષ્મ મહોત્સવની ઉજવણી' :**




સ્કૂલમાં તા. ૧૭-૪ થી ૨૨-૪ ૫ દિવસ 'ગ્રીષ્મ મહોત્સવની ઉજવણી' કરવામાં આવી હતી. આ મહોત્સવમાં બાલમંદિર તેમજ ધો. ૧ થી ૮ ના ૯૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. આ દરેક દિવસની શરૂઆત હળવી કસરત અને હાસ્ય થેરાપી દ્વારા કરવામાં આવી હતી. દરેક દિવસે બાળકોને દોડ, ક્રિકેટ, સંગીત ખુરશી, લીંબુ ચમચી, કોર્ન ફ્લિપ, કોથળા દોડ, એક

મિનીટ ગેમ વગેરે જેવી અલગ-અલગ ગેમ રમાડી બાળકોને ખૂબ ઉત્સાહિત કરેલ. તેમજ બાળકોને ટ્રેનની સવારી પણ કરાવવામાં આવેલ. આ પાંચ દિવસ સુધી બાળકોને સમોસા, પાઉંભાજી, ફ્રુટડિશ, ભેળ જેવો અલગ-અલગ નાસ્તો કરાવવામાં આવેલ, તેમજ શાળાના કેમ્પસમાં એક સેલ્ફી ઝોન તૈયાર કરી દરેક બાળકની સેલ્ફી પાડવામાં આવેલ. મહોત્સવના પાંચમા દિવસે શાળાના ઓડિટોરિયમ ખાતે બાળકોને ગમે તેવુ 'ધ લાયન કિંગ' મુવી બતાવવામાં આવ્યું હતું. ત્યારબાદ દરેક બાળકોને ઈનામમાં સાપસીડી, નવો વ્યાપાર જેવી ગેમ આપી, બાળકોના ઉત્સાહમાં વધારો કરેલ. આ પાંચ દિવસ સુધી દરેક બાળકોએ ખૂબ આનંદ કરેલ અને બાળકોમાં રહેલી અલગ-અલગ કળા બહાર આવેલ.

નોંધ : ઉપરોક્ત કાર્યક્રમોનું આયોજન શાળાના આચાર્ય શ્રી હિતેનકુમાર પંડયા તથા શ્રી દક્ષાબેનના માર્ગદર્શન નીચે, શિક્ષકગણ દ્વારા કરવામાં આવ્યું હતું.



# દિશા કમ વિકાસ પ્રોજેક્ટ

## દિવ્યાંગો માટે આશા કિરણ...

અમિત મિત્રા



**વોકેશનલ એક્ટિવિટી :**

પી.એન.આર. સોસાયટી સંચાલિત અને નેશનલ ટ્રસ્ટ, ન્યુ દિલ્હી દ્વારા ચલાવવામાં આવતા દિશા કમ વિકાસ પ્રોજેક્ટ દ્વારા બાળકો આર્થિક ઉપાર્જન કરતાં શીખે તે માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જે અંતર્ગત એપ્રિલ માસ દરમ્યાન પ્રિ-વોકેશનલ અક્ટિવિટીમાં તોરણ અને સાબુનું પેકિંગ બનાવતા બાળકોને શીખવવામાં આવ્યું હતું.

**લોકલ પ્રોજેક્ટ કમિટી મિટીંગ :**

તા. ૧૭/૩ના રોજ દિશા કમ વિકાસ પ્રોજેક્ટની મિટીંગનું આયોજન કરવામાં આવેલ, જેમાં નીચેના મુદ્દા અંગે વાલીઓને માર્ગદર્શન આપવામાં આવેલ. પ્રોજેક્ટ અંતર્ગત તા. ૨૧/૩/૨૦૨૫ ના રોજ **ડાઉન સિન્ડ્રોમ ડે**ની ઉજવણી કરવા બાબત, પ્રોજેક્ટ અંતર્ગત બી.પી.એલ. કાર્ડ ધરાવતા નવા બાળકોના નામ ચડાવવા બાબત, પ્રોજેક્ટ અંતર્ગત ફિઝીયોથેરાપી વિષે માર્ગદર્શન આપવા બાબત.

તા. ૨૧/૪ના રોજ દિશા કમ વિકાસ પ્રોજેક્ટની મિટીંગનું આયોજન કરવામાં આવેલ, જેમાં નીચેના મુદ્દા અંગે વાલીઓને માર્ગદર્શન આપવામાં આવેલ. પ્રોજેક્ટ અંતર્ગત વિદ્યાર્થીઓનું વાર્ષિક મૂલ્યાંકન કરવા બાબત. સી.પી. સ્કૂલ અંતર્ગત તા. ૨૫-૪ થી ૩૦-૪ દરમ્યાન **સમર કેમ્પ**નું આયોજનમાં ભાગ લેવા બાબત. સી.પી. સ્કૂલ અંતર્ગત ઓનલાઈન અને ઓફલાઈન વાલી તાલીમમાં પ્રોજેક્ટના વાલીઓને ભાગ લેવા બાબત.

**ડાઉન સિન્ડ્રોમ ડે :**

તા. ૨૧/૩ના રોજ 'ડાઉન સિન્ડ્રોમ ડે 'ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ડાઉન સિન્ડ્રોમ ધરવાતા બાળકોના વાલીઓએ પેપર પ્રેઝન્ટેશન કર્યુ હતું અને પોતાના બાળકોની સકસેસ સ્ટોરી રજૂ કરી હતી. ડાઉન સિન્ડ્રોમ ધરાવતા બાળકો દ્વારા ફેશન શો રજૂ કરવામાં આવ્યો હતો. અને વિદ્યાર્થીઓને ફૂંક મારવાની અને લીંબુ ચમચીની રમતો રમાડવામા આવી હતી.

**સમર કેમ્પ :**

સી.પી. સ્કૂલ અંતર્ગત એપ્રિલ માસ દરમ્યાન સી.પી. સ્કૂલ અંતર્ગત સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દિશા કમ વિકાસ પ્રોજેક્ટના વિદ્યાર્થીઓએ વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. જેમાં સ્પોર્ટ્સ, આર્ટ એન્ડ ક્રાફટ, યોગા જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી.

**સી.પી. ખેલ-મહાકુંભ :**

તા. ૮-૫ ના રોજ સેરેબ્રલ પાલ્સિ ધરાવતા વિદ્યાર્થીઓ માટેનો રાજય કક્ષાના ખેલ-મહાકુંભનું આયોજન નડિયાદ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં દિશા કમ વિકાસ પ્રોજેક્ટના બે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

**સી.આર.ઈ. પ્રોગ્રામ :**

તા. ૨-૫ થી ૪-૫ દરમ્યાન આર.સી.આઈ. પ્રોફેશનલ માટે જ્ઞાનમાં વધારો કરવા માટે ખૂબજ જરૂરી એવા સી.આર.ઈ. કાર્યક્રમમાં દિશા કમ વિકાસ પ્રોજેક્ટના સ્પેશ્યલ એજયુકેટર્સએ ભાગ લઈને, પોતાના જ્ઞાનમાં વધારો કર્યો હતો.

# PNR ટેક્નોલોજી ઈન્સ્ટિટ્યુટ દ્વારા દિવ્યાંગોને ટ્રેનિંગ માટે લેપટોપ અપાયા.




PNR સોસાયટી ભાવનગર સંચાલિત, PNR ટેકનોલોજી ઈન્સ્ટિટયુટ દ્વારા તા. ૮-૫ ના રોજ આ ઉમરાળા તાલુકાના ૨૦ દિવ્યાંગોને ઓનલાઈન ટ્રેનિંગ માટેની દ્વિતીય બેચમાં ઉપયોગ કરવા લેપટોપ, ડોંગલ, પુસ્તકો વગેરે આપવાનો કાર્યક્રમ સંસ્થામાં યોજાયો હતો. જેમાં સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ તથા માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે આ ટ્રેનિંગને સાર્થક અને પરિણામલક્ષી બનાવવા ઉપસ્થિત તાલીમાર્થીઓને અપીલ કરી હતી.

આ પ્રસંગે સંસ્થાના સિનિયર એક્ઝિક્યુટિવ શ્રી સુકેતુભાઈ શાહ, કોર્સ કો-ઓર્ડિનેટર શ્રી મેહુલભાઈ બુધેલિયા વિગેરે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે લેપટોપ વિગેરે વિતરણ કરાયું હતું.



# અંબા સી.પી. હોસ્ટેલ

## એપ્રિલ-મે - ૨૦૨૫



✍ લાલજી પંડ્યા

**નીચેના મહાનુભાવોએ હોસ્ટેલના બાળકોને પોતાના પરિવારના સભ્યોના જન્મદિન, મેરેજ એનિવર્સરી કે દિવંગત સ્નેહીની તિથિ નિમિત્તે ભોજન / નાસ્તો કરાવેલ**

### ભોજન / મિષ્ટાન

- તા. ૨૧-૪ ના રોજ શ્રી પ્રતીકભાઈ ખોડાણી...
- તા. ૨૨-૪ ના રોજ સ્વ. વસંતભાઈ પંડયાની પૂણ્યતિથિ ...
- તા. ૨૩-૪ ના રોજ સ્વ. પુષ્પાબેન સવાઈલાલ મહેતાની પૂણ્યતિથિ નિમિત્તે હ. હર્ષાબેન ભૂપેન્દ્રભાઈ શાહ ...
- તા. ૨૪-૪ ના રોજ શ્રી દેવેનભાઈ શાહ ...
- તા. ૨૪-૪ ના રોજ શ્રી આશિષભાઈ મહેતા ...
- તા. ૨૫-૪ ના રોજ શ્રી બિપીનભાઈ શાહ ...
- તા. ૨૫-૪ ના રોજ શ્રી યશપાલસિંહ વાઘેલા ...
- તા. ૨૬-૪ ના રોજ શ્રી ચંદ્રિકાબેન મહેશભાઈ ત્રિવેદી...

### નાસ્તો

- તા. ૨૦-૪ ના રોજ શ્રી કંચનબેન બેચરભાઈ ગોયાણી ...
- તા. ૨૩-૪ના રોજ શ્રી આશિષભાઈ મહેતા ...
- તા. ૨૪-૪ ના રોજ એક શુભેચ્છક ...
- તા. ૨૬-૪ ના રોજ શ્રી જીતેન્દ્રભાઈ જોટણિયા ...
- તા. ૨૭-૪ ના રોજ શ્રી કુલદીપસિંહ જાડેજા ...
- તા. ૨૮-૪ ના રોજ શ્રી કનુભાઈ ...
- તા. ૨૯-૪ ના રોજ શ્રી આશિષભાઈ મહેતા ...



સાકિરઅલી

# શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા - કેસ સ્ટડી
# ખૂબ-ખૂબ અભિનંદન... સાકિરઅલીને...!!!



✍ વિરેન્દ્રસિંહ ગોહિલ

વર્ષ ૨૦૨૧-૨૦૨૨માં શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ધો. ૯ માં પ્રવેશ પામેલ અને હાલ ધો. ૧૨ (કોમર્સ) માં અભ્યાસ કરતો સાકિરઅલી કરમૂલા શાળાનું એક અમૂલ્ય રત્ન છે. શિક્ષિત મુસ્લિમ પરિવારનું આ બાળક પહેલેથી મળતાવડો સ્વભાવ ધરાવે છે. ખૂબ જ હોંશિયાર અને એક જ ઈશારામાં સંપૂર્ણ વાત સમજી, એ મુજબ પરફેક્ટ કાર્ય કરનાર સાકિર, શ્રવણમંદ હોવા છતા સમધારણ વિદ્યાર્થી કરતા કયાંય પણ

પાછળ નથી. સાકિરના પિતા બાકરઅલીએ તેના પુત્રના વિકાસ માટે ખૂબ જ મહેનત કરી છે. એક આદર્શ, જાગૃત વાલી તરીકે શાળાની સાથે સતત સંપર્કમાં રહે છે અને સહયોગી રહ્યાં છે. સાકિર પહેલેથી જ રમત-ગમતમાં શોખ ધરાવે છે. અગાઉ તેણે ચેસની હરીફાઈમાં પણ ભાગ લીધેલ અને સારો દેખાવ કર્યો હતો. તે એથ્લેટિકસમાં પણ વિશેષ રસ ધરાવે છે.

ધો. ૯ માં જ વર્ગ પ્રતિનિધિની ચૂંટણી એક તરફી જીતી, સ્કૂલમાં જી.એસ. તરીકે પણ ચૂંટાયો હતો. નેતૃત્વના ગુણો દ્વારા સાકિર હંમેશા સહુને સાથે લઈને ચાલે છે.

શાળાના રમત શિક્ષક શ્રી સંદિપભાઈ તથા શ્રી હિતેષભાઈના માર્ગદર્શન નીચે સાકિરે, વોલીબોલની રમતમાં પ્રદાર્પણ કર્યું. શરૂઆતથી જ ઉજળો દેખાવ કરી સહુના દિલ જીતી લીધા હતાં. દર વર્ષે ખેલ-મહાકુંભમાં ભાવનગરની વોલીબોલ ટીમના કેપ્ટન તરીકે ઉત્કૃષ્ટ દેખાવ કરતો.

આ દેખાવના કારણે જ તે નેશનલ ટીમમાં પસંદગી પામેલ. વર્ષ ૨૦૨૩માં ઈન્દોર (મધ્યપ્રદેશ) ખાતે, નેશનલ વોલીબોલ ચેમ્પિયનશીપ ગુજરાતની ટીમ વતી રમી ઉત્કૃષ્ટ દેખાવ કરેલ. સાકિરની અદ્દભૂત રમત જોઈને જ પસંદગી સમિતિએ ઈન્ડિયન ટીમના ૧૪ ખેલાડીઓમાં તેની પસંદગી કરી, એપ્રિલ-૨૦૨૪ માં ગ્વાલિયર (મધ્યપ્રદેશ) ખાતે ટ્રેનિંગ માટે બોલાવ્યો હતો. ત્યાં પણ જબરજસ્ત દેખાવ કરી, પસંદગીકારોના દિલ જીતી લીધા હતાં. જે ૧૨ ખેલાડીઓની ટીમને ઈન્ટરનેશનલ વોલીબોલ ચેમ્પિયનશીપ માટે જાપાન ખાતે રમવા જવાનું હતું. ૧૪ ખેલાડીઓમાં ૧૯ થી ૪૯ વર્ષની ઉંમરના ખેલાડીઓ હતાં. સાકિર સહુ ખેલાડીઓમાં સૌથી નાની ઉંમરનો હતો. છેલ્લે ૧૨ ખેલાડીઓની પસંદગી સમયે, આ સૌથી નાની ઉંમરના કારણે જ એટલે કે સિનિયર ખેલાડીઓને ઈન્ટરનેશનલ ઈવેન્ટમાં રમવાની છેલ્લી તક હોય, તેમને પ્રાધાન્ય આપવામાં આવ્યું. જેના કારણે સાકિરમાં સામર્થ્ય હોવા છતાં આ તક જતી રહી. પરંતુ બહુ ઓછા સમયમાં જ તેને એકવાર નવી તક મળી.

એશિયા-પેસિફિક વોલીબોલ ચેમ્પિયનશીપમાં ભારતીય ટીમમાં તે સ્થાન પામ્યો અને હવે તહેરાન (ઈરાન) ખાતે આગામી સમયમાં રમવા જશે. દર વખતે પોતાની ઉત્કૃષ્ટ રમત અને આદર્શ વર્તનના કારણે શિક્ષકોના દિલ જીતનાર સાકિર જીવનના દરેક ક્ષેત્રમાં જીત મેળવે તેવી શુભેચ્છા. એક અગત્યની વાત એ છે કે રમત સાથે સાકિર ભણવામાં પણ હંમેશા અવ્વલ રહ્યો છે.

શાળાના શિક્ષકો, આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે, માનદ મંત્રી ડો. અશ્વિનભાઈ પંડયા તેમજ ટ્રસ્ટીગણે તેને ખૂબ-ખૂબ અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

# શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા
## 'નેશનલ એથ્લેટિકસમાં વિજેતા-નિકેન વઢિયારનો સન્માન કાર્યક્રમ'



શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળા-ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક શાળાના પ્રાથિમક અને માધ્યમિક વિભાગના ૮ ખેલાડીઓએ નેશનલ એથ્લેટિકસ ચેમ્પિયનશીપ ઓફ ડેફ, કેરલ-ત્રિવેન્દ્રમ ખાતે ભાગ લીધેલ.

જેમાં ધો. ૧૧ ના વિદ્યાર્થી વઢિયાર નિકેન દિનેશભાઈએ ઉંચી કૂદની સ્પર્ધામાં ઉત્તમ પ્રદર્શન કરી, ત્રીજુ સ્થાન પ્રાપ્ત કરી બ્રોન્ઝ મેડલ મેળવી શાળા અને ગુજરાતનું ગૌરવ વધાર્યુ હતું. આ માટે સમગ્ર ખેલાડીઓનું સન્માન, તેમજ ઈનામ વિતરણ કાર્યક્રમ શાળાના ઓડિટોરિયમ ખાતે તા. ૯-૪ ના રોજ યોજાયેલ હતો. જેમાં સંસ્થાના માનદ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, માધ્યમિક વિભાગના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે, પ્રાથમિક વિભાગના આચાર્ય શ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયા, શ્રી દક્ષાબેન, તેમજ બંને વિભાગના તમામ બાળકો ઉપસ્થિત રહ્યાં હતાં.

પ્રાર્થના બાદ ત્રિવેન્દ્રમ ખાતેના ફોટા, વિડીયોનું નિદર્શન શ્રી યોગેશભાઈએ કરેલ. શ્રી સંદિપભાઈ ગોસ્વામી (રમત શિક્ષક) એ ત્રિવેન્દ્રમ ખાતેના પોતાના અનુભવની વાત કરી. બાદમાં ભાગ લેવા બદલના સર્ટિફીકેટ દરેક રમતવીરને એનાયત કરવામાં આવ્યાં હતાં. તેમજ નિકેનને બ્રોન્ઝ મેડલ પહેરાવીને, સર્ટિફીકેટ આપી, તેનું મંત્રીશ્રી દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ નિકેનને રૂા. ૧૦૦૧/- રોકડ પુરસ્કાર આપેલ. સંસ્થાના મંત્રીશ્રીએ પ્રાસંગિક ઉદબોધન દરમ્યાન સહુને અભિનંદન આપ્યાં હતાં. સહુ શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા ઉપસ્થિત સહુ વિદ્યાર્થીઓએ અભિનંદન સાથે શુભેચ્છા પાઠવી હતી.

સમગ્ર કાર્યક્રમ દરમ્યાન સાઈન દ્વારા સમજ શ્રી જ્યોતિબેન બારૈયાએ આપી હતી તથા સમગ્ર કાર્યક્રમનું સંકલન અને આભારવિધિ રમત શિક્ષક શ્રી હિતેશભાઈ વ્યાસે કરી હતી.



# શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ)



✍ ગજાનંદ ભટ્ટ

**શુભેચ્છા સમારોહ :**

શાળામાં, અભ્યાસ કરતા ધો. ૮ ના બાળકોનો તા. ૧૯-૪ ના રોજ વિદાય-શુભેચ્છા સમારોહ યોજાયો હતો. જેમાં બાળકોએ પોત-પોતાના અનુભવો કહ્યાં હતાં. અને બધા શિક્ષકોએ તેમના જીવન ઘડતરમાં ખૂબ મહેનત કરે છે, તેવી વાત જણાવી હતી. તો શિક્ષકોએ પણ બાળકો તેના જીવનમાં આગળ વધે, ખૂબ મહેનત કરે અને પ્રગતિ કરે તેવા આશીર્વાદ આપ્યાં હતાં.

આ કાર્યક્રમમાં સંસ્થાના સહમંત્રી શ્રી અમિતભાઈ શાહ ઉપસ્થિત રહ્યાં હતાં. તેઓએ પોતાના ઉદ્દબોધનમાં બાળકો જે શીખ્યા છે, તેનો ઉપયોગ કરી ખૂબ આગળ વધે તેવા શુભાશિષ પાઠવ્યાં હતાં. આ ઉપરાંત શાળાના આચાર્ય શ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયાએ પણ આશીર્વાદ આપ્યાં હતાં. અંતમાં તમામ બાળકોને પાણીની બોટલ ભેટ આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંકલન શ્રી મુકતાબહેને કર્યું હતું.

**મહિલા દિવસની ઉજવણી :**

શાળામાં ભણતી ધો. ૬, ૭ અને ૮ ની કુલ ૧૪ દીકરીઓએ નવનિધિ દિવ્યાંગ ટ્રસ્ટ દ્વારા સંચાલિત કાર્યક્રમમાં ભાગ લીધો હતો. જેનું આયોજન શ્રી ગીતાબેન અગ્રાવત દ્વારા શિશુવિહાર સંસ્થામાં કરવામાં આવ્યું હતું. જે કાર્યક્રમમાં આપણી શાળાની દીકરીઓએ કચ્છી રાસ રજૂ કર્યો હતો. જેને પ્રેક્ષકોએ સ્ટેન્ડિંગ ઓવેશન આપી, કૃતિને નવાજી હતી.

શ્રી ગીતાબેન અગ્રાવત તરફથી ભાગ લેનાર તમામ દીકરીઓને સર્ટિફીકેટ અને ગિફ્ટ આપવામાં આવી હતી તથા કાર્યક્રમમાં ઉપસ્થિત બે મહેમાનોના હસ્તે દીકરીઓને રોકડ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. આપણી શાળામાંથી દીકરીઓને તૈયાર કરી લાવવા-લઈ જવામાં શ્રી પ્રિતીબેન, શ્રી ફાલ્ગુનીબેન તેમજ શ્રી મયુરીબેને ભારે જહેમત ઉઠાવી હતી.

**વાલી સભા :**

શાળામાં તા. ૩-૫ના રોજ વાલી સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વાલીઓને વર્ષ દરમિયાન કરેલ પ્રવૃત્તિના વિડીયો બતાવવામાં આવ્યાં હતાં અને બાળકોની વાતચીત કહેવામાં આવી.

વાલી સભામાં સંસ્થાના સહમંત્રી શ્રી અમિતભાઈએ વાલીઓને બાળકના વિકાસમાં શું-શું ધ્યાન રાખવું ? તેના વિશે માર્ગદર્શન આપ્યું હતું. તેમજ શાળાના આચાર્ય શ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયાએ વેકેશન દરમિયાન જુદી-જુદી પ્રવૃત્તિઓ બાળકને કરાવવી, તેમજ બધા પ્રસંગોમાં સાથે રાખી સગા-સંબંધીની ઓળખાણ કરાવવાની માહિતી આપી. સમગ્ર વાલી સભાનું સંકલન શ્રી મુકતાબેને કર્યું હતું.



# શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા

## કેસ સ્ટડી - "લોહીની સગાઈ "

✍ જ્યોતિબેન બારૈયા



આ ટાઈટલ જોઈને આપણને ગુજરાતી પાઠયપુસ્તકમાં આવતા એક પાઠ જેમાં અમૃત કાકી, મંગુ જેવા પાત્રો યાદ આવે, માતાનો દીકરી પ્રત્યેનો પ્રેમ અને કરૂણાના દર્શન થાય છે. આવી જ એક લોહીની સગાઈની વાત મારે કરવી છે, સામાન્ય રીતે આપણે સ્પેશિયલ એજયુકેટર્સ, આપણાં વિદ્યાર્થીઓની સકસેસ સ્ટોરી લખતા હોઈએ છીએ અને લખવી જ જોઈએ, પણ આજ હું જે લખી રહી છું તે એક વિદ્યાર્થી વિષે નહીં પરંતુ, બે શ્રવણમંદ બહેનોની અને એક વિકલાંગ ભાઈની મોટી બહેન **પારસબા** વિષે વાત કરીશ.

સરવૈયા જાગૃતિબા સહદેવસિંહ ધો. ૯ માં અભ્યાસ કરે છે, તેમજ તેની નાની બહેન મીરાબા પણ શ્રવણમંદ છે જે ધો. ૪ માં અભ્યાસ કરે છે. આ બંને બહેનો અભ્યાસમાં ખૂબ હોશિયાર છે, આ બંનેના મોટા બહેન પારસબા તેમને મુકવા અને તેડવા આવે. બંને બહેનોની જવાબદારી મોટી બહેન, માતા બનીને નિભાવે છે, કુટુંબમાં ૮ સભ્ય છે. પાંચ બહેનો અને એક ભાઈ છે. માતા-પિતા ખેતી કામ કરે છે. આર્થિક સ્થિતિ ખૂબ નબળી છે.

ભાઈ સાત વર્ષનો હતો ત્યારથી બીમાર પડયો અને આજ દિન સુધી પથારીમાં જ છે તેને ખવડાવવું, સમયસર દવાઓ

આપવી, કસરત કરાવવી, બધી જ જવાબદારી મોટી બહેન (પારસબા) નિભાવે છે. જાગૃતિબાથી પાંચ વર્ષ મોટા છે. પારસબા ધો. ૧૨ પાસ છે નર્સિંગની તાલીમ લઈ ચૂકયા છે, પરંતુ નોકરી સ્વીકારી નહીં અને ભાઈ-બહેનોની સેવા કરવાનું નક્કી કર્યું. પોતાના ગામડેથી ભાવનગર બંને બહેનોને છાત્રાલયમાં મૂકવા આવવી તથા તેડવા આવવી, અવાર-નવાર બહેનોને મળવા આવે છે અને શિક્ષકોને મળી અને બહેનોના અભ્યાસ બાબતે ફોલોઅપ લેતા રહે છે. ડોકયુમેન્ટ માટે દવાખાનાના ધક્કા હોય કે સરકારી કચેરીઓના ચક્કર લગાવવાના હોય, પારસબા એટલે **વન મેન આર્મી** સમજી લ્યો.

એક દિવસ મળવા આવ્યાં, ત્યારે વાત કરતા કરતા મેં કહ્યું, ''બેન તમે થાકતા નથી. કોઈ મોટા ને મોકલતા હોય તો!'' તો કહે, ''જો હું ના કરું તો મારા ભાઈ બહેનનું કોણ કરે ? હું તેની બહેન છું. મારી જવાબદારી છે અને મારે જ કરવાનું છે. હું આ બધું કરી શકું તો પણ અને ન કરી શકું તો પણ મારે જ કરવું રહ્યું.'' તેમના આ સંવાદમાં જવાબદારીની ભાવના અને વેદના દેખાતી હતી, જેમના ઘરમાં ત્રણ-ત્રણ દિવ્યાંગ ભાઈ-બહેન છે, તેવા આ મોટા બહેન (પારસબા) ના શબ્દોની કરુણા મારા આંખમાંથી ટપકી પડી. થોડા દિવસ પછી ફરી એક વખત મળવા આવ્યાં મને કહ્યું, ''બહેન જાગૃતિબાની સગાઈ કરવાની છે પણ ખુશીની વાત એ છે કે જાગૃતિ જયા સાસરે જવાની છે ત્યાં હું પણ તેની સાથે જ હોઈશ, મેં સગાઈની એટલે હા પાડી છે કે મારી બહેન જીવનભર મારી સાથે રહેશે, તેને ત્યાં મારી જરૂર પડી તો ? એટલે એક જ ઘરમાં બંને બહેનોની સગાઈ કરવાનું અમે નક્કી કર્યુ છે.''

પોતાની દિવ્યાંગ બહેનો માટે આ ભાવનાથી વિચારવું અને વિચારવા કરતા પણ તેને નિભાવવું, આ ખરેખર એક બહેન માટે કે જે પોતે પણ પગભર નથી, જેને ગાર્ડિયનની જરૂર છે, તે પારસબા પોતાના ભાઈ-બહેનો માટે ગાર્ડિયન બની ગયા છે. આવી સેવા ભાવના કરી છૂટવાની ધગશ તો કદાચ લોહીની સગાઈમાં જ હોય ! ધન્ય છે આ બહેનને ! ઈશ્વર તેમને શક્તિ આપે.



# શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા

જ્યોતિ ભટ્ટી



## NIEP-2020 માં દર્શાવ્યા મુજબ bag less week સંદર્ભે વિવિધ કાર્યક્રમોનું આયોજન માધ્યમિક શાળામાં કરાવામાં આવ્યું હતું.

**એરપોર્ટની મુલાકાત :**




શાળાના ધો. ૯ અને ૧૧ માં અભ્યાસ કરતા કુલ ૭૦ મૂક-બધિર, દિવ્યાંગ વિદ્યાર્થીઓએ તા. ૨૫-૫ ના રોજ ભાવનગરમાં આવેલ એરપોર્ટની મુલાકાત લીધી હતી. એરપોર્ટ ડાયરેકટર માનનીય શ્રી તપન કુમાર નાયક, તેમજ સિનિયર સુપ્રિટેન્ડન્ટ મા. શ્રી ભાવેશભાઈ ચાવડાએ ખૂબ જ સહકાર આપ્યો હતો. મૂક-બધિર ૭૦ દિવ્યાંગ દીકરી-દીકરાઓને એરપોર્ટમાં વિમાનની વ્યવસ્થા, એરપોર્ટની વિશેષતાઓ, એરપોર્ટની ચેકિંગ સિસ્ટમ, ફાયર સ્ટેશન અને ડયુન્સ કંપની દ્વારા ભાવનગરમાં જે પાયલોટ ટ્રેનિંગ આપવામાં આવે છે, તેમાં ઉપયોગમાં આવતા નાના એરક્રાફટની સંરચના, તેનો ઉપયોગ વગેરે ખૂબ જ રસપૂર્વક વિદ્યાર્થીઓને બતાવ્યું હતું. આ મૂક-બધિર વિદ્યાર્થીઓએ પોતાના જીવનમાં પહેલીવાર વિમાનને સ્પર્શ કરીને જોયા હોય, તેઓ તેમના જીવનનો પહેલો યાદગાર પ્રસંગ હતો. બાળકો ખૂબ જ આનંદિત અને આશ્ચર્યચકિત થઈ ગયા હતાં. એરક્રાફટ હવામાં કઈ રીતે ઉડે છે, એનું જમીન ઉપર લેન્ડિંગ કઈ રીતે થાય છે, પાયલોટ ટ્રેનિંગ કઈ રીતની છે, એ બધાની ખૂબ વિશેષ વિસ્તારપૂર્વક સમજ આપવામાં આવી હતી. સાથે-સાથે ફાયર સ્ટેશનને પ્રેકિટકલ કરીને એ ફાયર કઈ રીતે નાશ કરાય, તેના પાણીના પ્રવાહની પણ સમજ આપી હતી. આ સમગ્ર કાર્યક્રમમાં શ્રી વિરેન્દ્રસિંહ ગોહિલ અને શ્રી જયોતિબેન બારૈયાએ સાઈન લેંગ્વેજ દ્વારા, ઈન્ટર પ્રિટિંગની સેવા આપી, વિદ્યાર્થીઓને સમજ આપી હતી. આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ સમગ્ર કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ એરપોર્ટ માટેની એરપોર્ટ વિઝીટની વ્યવસ્થા અને તે અંગેનું માર્ગદર્શન સંસ્થાના માનદ્ મંત્રી ડો. અશ્વિનભાઈ પંડયના સહયોગથી ગોઠવાયું હતું.

વિદ્યાર્થીઓ માટે આ વિમાન જોવાનો પહેલો અનુભવ યાદગાર બની રહ્યો હતો.

## I.T.I. EP-2020 Lke rõÎex :

શાળાના ધો. ૯ અને ધો. ૧૧ના કુલ ૭૦ વિદ્યાર્થીઓને તા. ૨૧-૪ ના રોજ કારકીર્દિ માર્ગદર્શન અનુસંધાનમાં ભાવનગરની I.T.I. ની વિઝીટ કરી હતી. જેમાં મહિલા I.T.I., ભાઈઓ માટેની I.T.I. તેમાં કાર્યરત કોર્સ, પ્રવેશ અંગેની લાયકાત, ટ્રેડ મશીનરીનો ઉપયોગ વગેરે અંગે ત્યાના પ્રાધ્યાપકશ્રી પાસેથી માર્ગદર્શન મેળવ્યું હતું સાથે વિવિધ સ્વરોજગારીના કોર્સની માહિતી મેળવી હતી. I.T.I. ના પ્રાધ્યાપકશ્રીઓ, આચાર્યશ્રી તેમજ અન્ય સ્ટાફ દ્વારા શ્રવણમંદ બાળકો અને સ્ટાફને ખૂબજ મદદ કરી હતી અને વિદ્યાર્થીઓના પ્રશ્નોના સંતોષકારક જવાબ આપી, ભવિષ્યમાં તાલીમ મેળવી, સ્વરોજગારી માટે પ્રોત્સાહિત કર્યા હતાં.

### ગ્રાહક સુરક્ષા કોર્ટની મુલાકાત :

બીજી શૈક્ષણિક મુલાકાત ગ્રાહક સુરક્ષા તકરાર નિવારણ કોર્ટની કરી હતી. અભ્યાસક્રમના અનુસંધાને આ કોર્ટ રૂબરૂ જોતા શ્રવણમંદ વિદ્યાર્થીઓને અભ્યાસમાં ખૂબ જ ઉપયોગી થશે.

જેમાં ખરીદેલી વસ્તુ નુકસાનીવાળી હોવી, ખરીદેલ ખાદ્ય પદાર્થ ખાવાથી ગ્રાહકને શારીરિક નુકશાન થવુ, LIC અંગેના મેડિકલેઈમ અંગેના વિવિધ કેસો, તેમજ તેની કારકીર્દિની ચાલુ પ્રક્રિયા, તેમજ જજમેન્ટ કઈ રીતે લેવામાં આવે ? વગેરે માહિતીની સમજ આપવામાં આવી હતી.

શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ વિદ્યાર્થીઓને વ્યવસાયિક તાલીમનું માર્ગદર્શન મળી રહે, તેમજ શિક્ષણ વધુ રસપ્રદ બને, તે હેતુથી આ બંને મુલાકાતનું આયોજન કર્યુ હતું. સમગ્ર સંકલન શાળાના શિક્ષિકા શ્રી ઉજ્જવલાબેન વ્યાસ દ્વારા કરવામાં આવ્યું હતું. માનદ્ મંત્રી ડો. અશ્વિનભાઈ પંડયાએ સહુને તાલીમમાં જોડાવા પ્રોત્સાહિત કર્યા હતાં.

### પિક્ચર-Vanangaan :

bagless week અંતર્ગત ધો. ૯ અને ધો. ૧૧ ના વિદ્યાર્થીઓને તા. ૨૨-૪ ના રોજ તમિલ ભાષાનું પિક્ચર Vanangaan બતાવવામાં આવ્યું હતું. જેમાં શ્રવણમંદ વિદ્યાર્થી હંમેશા અસત્ય સહન કરી ન શકતો અને ખૂબ ગુસ્સે થતો. આ માટેનો ખૂબ લડત આપતો. મોટો થતા તેને વિકલાંગ બાળકોની શાળામાં સિકયોરિટી ગાર્ડની નોકરી મળી. ત્યાં તેણે અત્યંત સત્યપ્રિય બની, નિષ્ઠાપૂર્વક નોકરી કરી. અસત્ય સાથે ખૂબ લડત આપી. તે સહુના હૃદયને સ્પર્શી જાય છે.

### ચેસ માર્ગદર્શન :

શાળાના વિદ્યાર્થીઓને ચેસના નિયમો, રમત વિશે શ્રી



ચિંતનભાઈ કોઠારીએ માર્ગદર્શન આપ્યું હતું. આયોજન શ્રી હિતેષભાઈ વ્યાસે કર્યું હતું.

### વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓને મૂંઝવતા પ્રશ્નો અંગે માર્ગદર્શન :

કિશોર અવસ્થા, યુવા અવસ્થા દરમ્યાન શ્રવણમંદ વિદ્યાર્થીઓને શારીરિક, માનસિક મૂંઝવણો ઉભી થતી હોય છે. આ માટે સર.ટી. હોસ્પિટલના ગાયનેક વિભાગના HoD ડો. શ્રી કનકબેન નકુમને તા. ૨૩-૪ ના રોજ શાળામાં બોલાવવામાં આવ્યાં હતાં. તેઓની સાથે બે આસિસ્ટન્ટ ડોકટર પણ આવ્યાં હતાં. તેઓએ સરળ રીતે માહિતી આપી હતી. વિદ્યાર્થીઓએ પોતાને મુંઝવતા પ્રશ્નો પૂછતા હતા તેના સચોટ જવાબ ડોકટરશ્રીએ આપ્યાં હતાં. આ સાથે જ વિદ્યાર્થીઓને શાળાના શિક્ષક શ્રી વિરેન્દ્રસિંહ ગોહિલે પણ માહિતી આપી હતી.

શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ વિદ્યાર્થીઓની મૂંઝવણ દૂર થાય તે માટે આ કાર્યક્રમનું આયોજન કર્યુ હતું. માનદ્ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા આ કાર્યને સરાહનીય ગણાવ્યું હતું.

### એક મિનીટ ગેમ :

વિદ્યાર્થીઓને વર્ગવાર, તેમજ છોકરાઓ અને છોકરીઓ વચ્ચે એક મિનીટ ગેમ ઓડિટોરિયમમાં રમાડવામાં આવી હતી. વિદ્યાર્થીઓમાં ચપળતા વધે, તેમજ પરીક્ષા પૂરી થતા આનંદ માણી શકે તે હેતુથી આયોજન કરવામાં આવેલ. શિક્ષક શ્રી ઉજ્જવલાબેન વ્યાસ, તેમજ શ્રી અનુપાબેન શાહના સંકલનને સહુ શિક્ષકોએ સહયોગ આપ્યો હતો.

### સ્વયંપાક :

તા. ૨૪-૪ ના રોજ 'bagless week' અંતર્ગત સ્વયંપાકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ તથા દરેક શિક્ષકાઓએ, ભેળ તેમજ વિદ્યાર્થીઓ તથા શિક્ષક ભાઈઓએ વરીયાળીનું સરબત બનાવ્યું હતું.

સહુએ સાથે મળીને બનાવ્યું અને આરોગ્યુ. બધાને ખૂબ મજા આવી. પ્રાથમિક વિભાગના શિક્ષકોએ સહુને અભિનંદન આપ્યાં હતાં. આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે તથા માનદ્ મંત્રી ડો.

અશ્વિનભાઈ પંડયાએ બધાને શુભેચ્છા આપી હતી.

**કન્ઝ્યુમર પ્રોટેક્શન સેમિનાર :**

તા. ૨૪-૪ ના રોજ દુકાનદાર ગ્રાહકને તોલમાપમાં કેવી રીતે છેતરે છે ? તે અંગેની જાણકારી મદદનીશ નિયંત્રક કાનુની માપ વિજ્ઞાન ભાવનગર, જિલ્લા શિક્ષણ કચેરી દ્વારા શ્રી જી.પી. જાંબુચા સાહેબે માહિતી આપી હતી. તેમણે ગ્રાહક કેવી રીતે છેતરાય છે ?, શું ધ્યાન રાખવું જોઈએ ? વગેરે માહિતી આપી હતી. તથા ત્રાજવા-તોલા, તેમજ ડિજીટલ ત્રાજવામાં કઈ રીતે છેતરપિંડી થાય છે ? તે રૂબરૂ બતાવી, સાવચેત કર્યા હતાં. શિક્ષક શ્રી ભાર્ગવભાઈ અઢિયાના સંકલનથી આ કાર્યક્રમ સફળ બન્યો હતો. આચાર્યશ્રી, તેમજ સંસ્થાના ટ્રસ્ટીગણે આ કાર્યક્રમને પ્રસંશનીય જણાવ્યો હતો.

**શાળામાં વિજ્ઞાનના પ્રયોગોનું નિદર્શન :**

તા. ૨૬-૪ ના રોજ 'bagless week' અંતર્ગત વિજ્ઞાનના પ્રયોગોનું નિદર્શન શાળાના શિક્ષકો શ્રી ભાર્ગવભાઈ અઢિયા તથા શ્રી વર્ષાબેન ચૌહાણે કર્યુ હતું. તેમાં ભૌતિક વિજ્ઞાન,



રાસાયણિક, તેમજ જીવ વિજ્ઞાનને લગતા પ્રયોગોનું નિદર્શન કર્યુ હતું. જેમાં બે અરીસા વડે મળતા પ્રતિબિંબોની સંખ્યા, ટયૂબલેસ ટાયર, સૂક્ષ્મદર્શક યંત્રમાં ડુંગળીના કોષોનું નિદર્શન વગેરે પ્રયોગો કર્યા હતાં. વિદ્યાર્થીઓએ જીજ્ઞાસાપૂર્વક નિહાળ્યા હતાં.

સમગ્ર બેગ લેસ ડે ઉજવણીની પ્રેરણા આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ આપી હતી. સંસ્થાના માનદ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયાએ આ કાર્યક્રમોની સરાહના કરી હતી. સમગ્ર સ્ટાફની જહેમતથી દરેક કાર્યક્રમ સફળ બન્યા હતાં.



## શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા
## મહેતા છાત્રાલય



સ્નેહાબેન જોષી

- તા. ૧૩-૪ ના રોજ શ્રી દર્શનાબેન નિરંજનભાઈ મહેતાની વાર્ષિક પૂણ્યતિથિ નિમિત્તે છાત્રાલયના બધા જ બાળકોને શેરડીનો રસ અને વેફરનો નાસ્તો કરાવેલ.
- સીઝનની શરૂઆત થતા જ બાળકોને વિવિધ દાતાશ્રીઓ તરફથી કેરીનો રસ ઘણી બધી વાર જમાડવામાં આવ્યાં હતાં.
- શ્રી કીર્તિભાઈ શાહ હસ્તે તથા ઘણાં બધા તરફથી અવાર-નવાર બાળકોને ભોજન કરાવવામાં આવ્યું હતું.
- શ્રી પર્યાનિતભાઈ એસ. એન્ડ એસ-મુંબઈ તરફથી દર મહિને બાળકોને ભોજન કરાવવામાં આવે છે.
- તા. ૨૮-૪ ના રોજ ઉનાળાની સીઝન શરૂ થતા, બાળકોને બરફ ગોળા ખાવાની ઈચ્છા થતા, આઈસ્ક્રિમ સાથે ડીશ ગોળા ખવડાવેલ અને આનંદ કરાવેલ.



## શ્રીમતી ચંદાબહેન મોહનભાઈ પટેલ
## છાત્રાલય




- તા. ૧૩-૪ ના રોજ શ્રી દર્શનાબેન નિરંજનભાઈ મહેતાની વાર્ષિક પૂણ્યતિથિ નિમિત્તે છાત્રાલયના બધા જ બાળકોને શેરડીનો રસ અને વેફરનો નાસ્તો કરાવેલ.
- સીઝનની શરૂઆત થતા જ બાળકોને વિવિધ દાતાશ્રીઓ તરફથી કેરીનો રસ ઘણી બધી વાર જમાડવામાં આવ્યાં હતાં.
- શ્રી કીર્તિભાઈ શાહ હસ્તે તથા ઘણાં બધા તરફથી અવાર-નવાર બાળકોને ભોજન કરાવવામાં આવ્યું હતું.
- શ્રી પર્યાનિતભાઈ એસ. એન્ડ એસ-મુંબઈ તરફથી દર મહિને બાળકોને ભોજન કરાવવામાં આવે છે.
- તા. ૨૮-૪ ના રોજ ઉનાળાની સીઝન શરૂ થતા, બાળકોને બરફ ગોળા ખાવાની ઈચ્છા થતા, આઈસ્ક્રિમ સાથે ડીશ ગોળા ખવડાવેલ અને આનંદ કરાવેલ.



# શ્રીમતી પ્રભાકુંવરબહેન રતિલાલ વાઘર
## કૃત્રિમ સાધન સહાય વર્કશોપ



અશ્વિનભાઈ પંડ્યા (ચેરમેન)

એપ્રિલ માસમાં ભાવનગરમાં સ્થાનિક કક્ષાએ કુલ ૧૦૫ જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવેલ છે. જેમાં લાભાર્થીઓને આશરે ૧૨૨ જેટલા જુદા-જુદા સાધનો જેવા કે, આખો હાથ-૧, અડધા પગ-૩, ઓર્થોશુઝ-૧, ની-બ્રેસ-૨૯, હેન્ડ સ્પીલન્ટ-૨, સ્પાઈનલ ઓર્થોસિસ-૫, અન્ય-૫૪, કેલિપર-૧, એ.એફ.ઓ.-૧૮, પ્લાસ્ટિક ઓર્થોસિસ-૮ એમ કુલ ૧૨૨ સાધનો આપવામાં આવ્યાં હતાં.

એપ્રિલ માસમાં ની-બ્રેસના બે કેમ્પ અનુક્રમે જલંધર (પંજાબ) અને હુબલી (કર્ણાટક) મુકામે યોજાયેલ. જલંધર કેમ્પમાં કુલ ૫૧ લાભાર્થીઓને ડો. નાયક દ્વારા તપાસીને ૧૦૨ ની-બ્રેસો ફીટ કરી આપવામાં આવેલ અને હુબલી કેમ્પમાં સંસ્થાના પી. એન્ડ ઓ.ડો.રવિ વાટલિયા દ્વારા કુલ ૩૮ લાભાર્થીઓને તપાસીને ૭૧ ની-બ્રેસો ફીટ કરી આપવામાં આવી હતી.

ભાવનગર નવજવાન સંઘ સંચાલિત

# શેઠ શ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ
## શ્રી પ્રતાપરાય શામજીભાઈ પારેખ પોલિક્લિનિક



સૂર્યકાંત ચાવડા

**મોતિયાના વિનામૂલ્યે ઓપરેશન માટે નિઃશૂલ્ક નિદાન કેમ્પ યોજાયો :**



આપણી હોસ્પિટલ અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ભાવનગર દ્વારા એક નેત્રયજ્ઞનું આયોજન તા. ૧૨-૪ ના રોજ બપોરે ૪ થી ૬ રેડક્રોસ ભવન, દિવાનપરા રોડ, ભાવનગર ખાતે યોજાયું હતું. જેમાં ડો. ધ્રુવિલભાઈ નાયક દ્વારા ૪૦ દર્દીઓની વિનામૂલ્યે આંખની તપાસ કરી આપી તથા મોતિયાના ઓપરેશનની જરૂરિયાતવાળા ૧૨ દર્દીઓને જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી-ભાવનગર, તેમજ શ્રી ધનવંતભાઈ અજમેરાના સહયોગથી લોઢાવાળા હોસ્પિટલ ખાતે, અદ્યતન ફેકો મશીન દ્વારા ટાંકા વગરના મોતિયાના ઓપરેશન કરી, નેત્રમણી મૂકી આપવા તારીખ આપી હતી. અન્ય દર્દીઓને ચશ્માના નંબર તથા આંખના ટીપાં દ્વારા સારવાર આપી હતી.

આ કાર્યક્રમમાં લોઢાવાળા હોસ્પિટલ સ્ટાફ તથા રેડક્રોસના સ્ટાફ દ્વારા, કેમ્પનું આયોજન કરી સુંદર સુચારું વ્યવસ્થા પૂરી પાડવામાં આવી હતી.

આ કેમ્પમાં શેઠ શ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલના પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર શ્રી સુરેશભાઈ પારેખ તથા રેડક્રોસ સોસાયટીના પ્રમુખ શ્રી મિલનભાઈ દવે, ઉપપ્રમુખ શ્રી સુમિતભાઈ ઠક્કરે ઉપસ્થિત રહી, પ્રોત્સાહક હાજરી આપી હતી.

**મહિલા સિવણ વર્ગ પ્રમાણપત્ર વિતરણ :**



સ્વ. શ્રી રશ્મિકાંત શાહના સ્માણાર્થે હ. શ્રી લોપાબેન રશ્મિકાંત શાહના સહયોગથી, ભાવનગર નવજવાન સંઘ સંચાલિત મહિલા સિવણ વર્ગની ત્રીજી અને ચોથી બેચ સફળતાપૂર્વક પૂર્ણ થયેલ છે. જેમાં કુલ ૫૦ બહેનોએ સિલાઈ તાલીમ મેળવેલ છે અને પોતાના ઘરે સિલાઈનું કામ કરી રહ્યાં છે. સંસ્થાના માનદ મંત્રી શ્રી સૂર્યકાંતભાઈ ચાવડા, ખજાનચી શ્રી કીર્તિભાઈ ગાંધી, ઓ.એસ. વસંતભાઈ, પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર શ્રી સુરેશભાઈ ના વરદ હસ્તે તેઓને પ્રમાણપત્ર વિતરણનો એક કાર્યક્રમ સંસ્થાના સંઘ ભવન, શેઠ વી.સી. લોઢાવાળા હોસ્પિટલ ખાતે યોજાઈ ગયો. મંત્રીશ્રીએ સૌ બહેનોને તેમના જીવનમાં આ તાલીમ કેટલી ઉપયોગી નિવડી ? તેના મંતવ્યો લીધાં હતાં, જે ખૂબ જ સંતોષકારક અને ઉત્સાહજનક રહ્યાં. સૌને શુભેચ્છાઓ પાઠવી હતી.

હાલ સંસ્થા દ્વારા વી.સી. લોઢાવાળા હોસ્પિટલ ખાતે, તેમજ ઘોઘા દરવાજે બે-બે બેચમાં સિલાઈ વર્ગો ચાલી રહ્યાં છે. રસધરાવતા બહેનોએ સિવણ વર્ગમાં ૪ થી ૬ દરમ્યાન સંપર્ક કરવા અને ફોર્મ ભરી, વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી લેવા મંત્રીએ અનુરોધ કરેલ છે.



સ્વ. ભાવસાર દેવચંદભાઈ મુળજીભાઈ તળાજીયા અને સ્વ. ભાવસાર ખમાલક્ષ્મી દેવચંદભાઈ તળાજીયા

# 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા

નેહલ ગઢવી



**રોડનું ખાતમૂર્હત :**



ભાવનગર પૂર્વના ધરાસભ્ય શ્રી સેજલબેન પંડયાની ગ્રાન્ટમાંથી, શાળા કેમ્પસની બહારનો રોડ મંજુર થયેલ હોય, તા. ૧૭-૪-૨૫ ના રોજ શાળાના બાળકોના હાથે આ રોડનું ખાતમૂર્હત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી સેજલબેન પંડયા (ધારાસભ્ય-ભાવનગર પૂર્વ), શ્રી રાજીવભાઈ પંડયા, શ્રી મહેશભાઈ વાજા (કોર્પોરેટર, સરદારનગર વોર્ડ), શાળાના માનદ ટ્રેઝરર શ્રી દેવલભાઈ જે. શાહ, શાળાના આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણી, શાળાનો સ્ટાફ પરિવાર તથા બાળકો બહોળી સંખ્યામાં હાજર રહ્યાં હતાં.

**સ્પીચ એસેસમેન્ટ કેમ્પ :**

શાળામાં તાલીમ મેળવતા બાલવાટિકા તથા ઓબઝર્વેશન ગ્રુપના બાળકો માટે એક એસેસમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડો. અંબર ગુપ્તા (સ્પીચ થેરાપીસ્ટ તેમજ નટરાજ સી.પી. સ્કૂલ) એ બાળકોનું એસેસમેન્ટ કરી, શિક્ષક તથા વાલીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડયું હતું.

**સોફ્ટ ટોયઝ વિતરણ કાયક્રમ :**

અર્હમ ગ્રુપ તરફથી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીના ૧૮ મા જન્મ દિવસ નિમિત્તે શાળામાં તાલીમ મેળવતા દરેક બાળકોને સુંદર અને આકર્ષક સોફ્ટ ટોયઝનું વિતરણ આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન અને દેખરેખ હેઠળ કરવામાં આવ્યું હતું.

**વાર્ષિક વાલી મિટીંગ :**

શાળામાં તા.૨૫-૦૪-૨૦૨૫ ના રોજ વાર્ષિક વાલી મિટીગનું આયોજન કરવામાં આવ્યું હતુ. શાળાની વિદ્યાર્થીની જાનકી મહેતાની સુંદર પ્રાર્થના દ્વારા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. શિક્ષક શ્રી પારૂલબેન પાઠકે શાબ્દિક સ્વાગત તથા વકતાઓના પરીચય આપ્યો હતો. શાળાના માનદ મંત્રી શ્રી



અલ્પેશભાઈ શેઠે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન શાળા દ્વારા કરવામાં આવેલી વિવિધ પ્રવૃત્તિઓ અંગે વાલીઓને અવગત કર્યા હતા. તેમજ માનદ મંત્રી શ્રી ડી.જે. ધંધુકીયા સાહેબ દ્વારા બાળકોના વિકાસ સંદર્ભે, શૈક્ષણિક દ્રષ્ટિકોણ અંગે વિસ્તૃત છણાવટ કરેલ તથા મુખ્ય મહેમાન ડો.અશોકભાઈ વાળા (મનોચિકિત્સક સર.ટી. હોસ્પિટલ) એ મનોદિવ્યાંગતા, I.Q. ટેસ્ટ અને બાળકોના વિકાસમાં વાલીઓની ભૂમિકા અંગે રસપ્રદ શૈલીમાં સુંદર વકતવ્ય આપ્યું હતું. આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીએ વર્ષ દરમ્યાન રમત-ગમત ક્ષેત્રે તથા સાંસ્કૃતિક ક્ષેત્રે મેળવેલ સિધ્ધિઓ અંગે વાત કરી હતી તેમજ આ પ્રસંગે સ્પેશ્યલ ઓલિમ્પિકસના શ્રી તુષારભાઈ જોલેકરનું રમત-ગમત ક્ષેત્રે તેમની સેવાની બિરદાવી સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ સમગ્ર વર્ષ દરમ્યાન બાળકોને શાળાએ લાવવા તથા લઈ જવાની કામગીરી ખુબ જ સારી રીતે નિભાવતા રિક્ષા ચાલક ભાઈઓને રોકડ પુરસ્કાર આપી, સન્માનિત કરવામાં આવ્યાં હતાં. અંતમાં વાલીઓએ શાળામાં અપાતા શિક્ષણ, તાલીમ, થેરાપીઓ, સગવડ, વેલ્ફેર પ્રવૃત્તિઓ, શિક્ષકોનું ડેડિકેશન વગેરે બાબતે પ્રતિક્રિયા આપી, બાળકોના વિકાસ અંગે સંતોષ વ્યકત કર્યો હતો. આ વાલી મિટીંગમાં કુલ ૧૮૨ વાલીઓ હાજર રહ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન શ્રી ક્રિષ્નાબેન રૂપેરાએ અને આભાવિધિ શ્રી જયપાલસિંહ ગોહિલે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંકલન આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીએ કર્યું હતું.

**રાજયકક્ષાએ અંકુર શાળાનું ગૌરવ :**

તા. ૩૦-૪ થી ૩-૫ દરમ્યાન હિંમતનગર ખાતે મંદબુધ્ધિ બાળકોના રાજયકક્ષાના સ્પેશ્યલ ખેલ-મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના બાળકોએ બે બ્રોન્ઝ

મેડલ મેળવી, રાજ્યકક્ષાએ અંકુર શાળાનું ગૌરવ વધાર્યું હતું. આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીની દેખરેખ અને માર્ગદર્શન હેઠળ આ બાળકોને શાળાના સ્પોટર્સ શિક્ષક શ્રી આસીફખાન, શ્રી ફાતેમાબેન દ્વારા પ્રેક્ટિસ કરાવવામાં આવી હતી. શાળાના શિક્ષક શ્રી જયપાલસિંહ, તેમજ મોનાલીબેને ઓફિશીયલ તરીકેની કામગીરી બજાવી હતી.

**One day Picnic :**

તા. ૦૯-૫ ના રોજ નિરાલી ફાર્મ હાઉસ, અકવાડા ખાતે સંસ્થાના એક શુભેચ્છક દાતા તરફથી One day Picnic નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ વિવિધ રાઈડસ, ડી.જે. ડાન્સ તથા સુંદર ડિનરનો આનંદ માણ્યો હતો. સાથો-સાથ દરેક બાળકોને આકર્ષક સ્કૂલ બેગ પણ ગિફ્ટ આપવામાં આવી હતી. આ Picnic માં માનદ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ, આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણી, સ્ટાફ પરિવાર, ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજના તાલીમાર્થીઓ, બાળકો તથા વાલીઓ બહોળી સંખ્યામાં જોડાયા હતાં.

## શ્રી ડી.કે. અજમેરા ફાઉન્ડેશન તથા શ્રીમતી ભાનુમતિ વાડીલાલ ચત્રભુજ ગાંધી "ભાનુવાડી" વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર

**એક્ઝિબિશન કમ સેલ :**

તા. ૨૧-૨૨-૨૩ માર્ચ ૨૦૨૫ દરમ્યાન, કર્ણાવતી કલબ અમદાવાદ ખાતે Cowe ગુજરાત ચેપ્ટર દ્વારા આયોજિત નારી-૨૦૨૫ એક્ઝિબિશનમાં ભાનુવાડી વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરના મંદબુધ્ધિ બાળકો દ્વારા બનાવવામાં આવેલ વિવિધ અને આકર્ષક તોરણ, ટોડલિયા, બટવા, મોબાઈલ કવર, કુશન કવર વિગેરે વસ્તુઓનો સ્ટોલ રાખવામાં આવ્યો. જેની અમદાવાદ તથા ગુજરાતના અન્ય સ્થળોએથી આવેલા લોકોએ બહોળી સંખ્યામાં મુલાકાત લઈ, તેમજ વસ્તુઓ ખરીદી આ મનોદિવ્યાંગ બાળકોને પ્રોત્સાહિત કર્યા હતાં. વિશેષમાં ગુજરાતના સુ-પ્રસિધ્ધ મોટીવેશનલ સ્પીકર શ્રી સંજયભાઈ રાવલે આપણા સ્ટોલની મુલાકાત લઈ શાળા તથા આપણા બાળકોની કલાની નોંધ લઈ તેમને બીરદાવેલ.

તેમજ અમદાવાદ ખાતે તા. ૨૮ થી ૩૦ માર્ચ ૨૦૨૫ દરમ્યાન MAISHA દ્વારા આયોજિત, લાઈફ સ્ટાઈલ એન્ડ NRI એક્ઝિબિશનમાં પણ આપણો સ્ટોલ રાખવામાં આવ્યો હતો અને જેમાં ગુજરાત, ભારતના અન્ય રાજ્ય તથા NRI લોકોએ આપણાં સ્ટોલની મુલાકાત લઈ, ખૂબ જ પ્રભાવિત થયાં હતાં.

ઉપરોકત બંને એક્ઝિબિશન કમ સેલને સફળ બનાવવા વોકેશનલ વિભાગના હેડ શ્રી નેહલબેન ગઢવી તથા તેમની ટીમ દ્વારા ખૂબ જ જહેમત ઉઠાવી, સરાહનિય કામગીરી બજાવવામાં આવી હતી.

## સ્વ. શ્રી શશીકાંતભાઈ સાકરલાલ વેલાણી ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજ ફોર સ્પેશ્યલ એજ્યુકેશન (મેન્ટલ રિટાર્ડેશન)



✍ ભાવિકા કામદાર

**ડાઉન સિન્ડ્રોમ દિવસની ઉજવણી :**

સમગ્ર વિશ્વમાં ૨૧ માર્ચ ડાઉન સિન્ડ્રોમ દિવસ તરીકે મનાવવામાં આવે છે. તેના અનુસંધાને ટ્રેઈનિંગ કોલેજના તાલીમાર્થીઓને કો-ઓર્ડિનેટર ડો. ભાવિકાબેન વી. કામદાર તથા ફેકલ્ટી શ્રી આરીફભાઈ જેઠવા દ્વારા, ડાઉન સિન્ડ્રોમ વિષે જ્ઞાનસભર માહિતી પૂરી પાડવામાં આવી હતી તેમજ તાલીમાર્થીઓ શ્રી અશોકકુમાર તથા શ્રી ગોવિંદ બિશ્નોઈ દ્વારા પણ ડાઉન સિન્ડ્રોમ બાળકોના લક્ષણો તથા શિક્ષણ પધ્ધતિ અંગે વાત કરવામાં આવી હતી.

**એકસપર્ટ લેકચર્સ :**

તા. ૨૨-૩ ના રોજ એક એકસપર્ટ લેકચર્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડો. ભરતભાઈ ભટ્ટ (આસિ. પ્રોફેસર, કાપડિયા મહિલા કોલેજ, સાયકોથેરાપિસ્ટ, હિલીંગ માસ્ટર) દ્વારા ટ્રેઈનિંગ કોલેજના તાલીમાર્થીઓને ઈન્ટર પર્સનલ સ્કીલ અંગે સુંદર માહિતી, ડેમોસ્ટ્રેશન સાથે આપેલ અને નવી ટેકનીક અંગે સમજણ આપવામાં આવેલ, જેથી આંતરવ્યકિતવ્ય કૌશલ્યનું ઘડતર થઈ શકે. આ પ્રોગ્રામમાં માનદ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ, આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણી, ટ્રેઈનિંગ કોલેજના ફેકલ્ટી શ્રી આરીફભાઈ જેઠવા, શ્રી ખુશ્બુબેન ચૌહાણ ઉપસ્થિત રહ્યાં હતાં.

**ઓટિઝમ અવેરનેસ ડે :**

ઓટિઝમ અવેરનેસ ડે નિમિત્તે કોલેજના તાલીમાર્થીઓ દ્વારા આ દિવસે ભાવનગર શહેરની અલગ-અલગ શાળાઓમાં

જઈને, ઓટિઝમ અંગે બાળકોને માહિતગાર કર્યા હતાં. આ તાલીમાર્થીઓને કો-ઓર્ડિનેટર ડો. ભાવિકાબેન કામદાર દ્વારા ગાઈડ કરવામાં આવ્યાં હતાં.

સાથો-સાથ આ દિવસે તાલીમાર્થીઓ દ્વારા સમગ્ર દિવસ દરમ્યાન વર્ગમાં રહી, વર્ગ શિક્ષકનો અનુભવ મેળવ્યો હતો. તેની પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય તાલીમાર્થીઓ પણ વર્ગખંડમાં શિક્ષકો દ્વારા કઈ રીતે તાલીમ આપવામાં આવે છે? તેનાથી માહિતગાર કરવાનો હતો.

**ઈન્ટર્નલ પરીક્ષા :**

ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજના બીજા વર્ષના બેંચ વર્ષ ૨૦૨૩-'૨૪ તાલીમાર્થીઓની શિસ્તબધ્ધ વાતાવરણમાં વાર્ષિક ઈન્ટર્નલ થીયરી પરીક્ષા તા. -૪-૪ થી ૧૨-૪ દરમ્યાન લેવામાં આવી હતી. ૩૮ તાલીમાર્થીઓ ઉત્સાહભેર આ પરીક્ષામાં જોડાયા હતાં.

**રાજય કક્ષાનો CRE Pgorgramme સંપન્ન :**



તા.૨-૩-૪ મે,'૨૫ દરમ્યાન ટ્રેઈનિંગ કોલેજ દ્વારા Overview of Intellectual disability વિષય ઉપર ત્રણ દિવસીય રાજય કક્ષાનો CRE Pgorgramme યોજાયેલ. જેમાં રાજસ્થાન, તેમજ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી ૧૫૦ શિક્ષકો હાજર રહ્યાં હતાં. આ ત્રણ દિવસીય CRE Pgorgramme માં ગુજરાતના નામાંકિત ફેકલ્ટીઓ દ્વારા Intellectual disability ના વિવિધ પાસાઓ ઉપર અતિ ઝીણવટપૂર્વક રસપ્રદ શૈલીમાં, PPT ના માધ્યમથી વકતવ્ય આપવામાં આવેલ, તેમજ ગહન ચર્ચા કરવામાં આવી હતી. આ Intellectual disability ના ઉદ્દઘાટન પ્રસંગે શ્રી કલ્પેશભાઈ જે. ગોસ્વામી (જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ભાવનગર), શ્રી સુરેશભાઈ જી. ચૌધરી (જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, ભાવનગર), શ્રી ભગીરથસિંહ ચુડાસમા, સંસ્થાના પ્રમુખ શ્રી વિનુભાઈ હકાણી, ટીચર્સ ટ્રેઈનિંગ ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજના ચેરમેન શ્રી ધીરૂભાઈ ધંધુકિયા, શ્રી માનદ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ, શાળાના આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણી, પી.એન.આર. સોસાયટીના માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યાં હતાં.

આ CRE Pgorgramme ને સફળ બનાવવા ડો. ભાવનાબેન અંધારિયા, કમ્પ્યુટર ઓપરેટર શ્રી મયુરભાઈ રાઠોડ, રિસેપનિસ્ટ શ્રી ભાવિશાબેન પારેખ તેમજ ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજના તાલીમાર્થીઓએ ભારે જહેમત ઉઠાવેલ તેમજ આ ત્રણ દિવસીય CRE Pgorgramme નું ખૂબ જ સુંદર સંચાલન શ્રી રિધ્ધિબેન મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું. આ ત્રણ દિવસીય CRE Pgorgrammeના છેલ્લા દિવસે દરેક પાર્ટિશીપેન્ટસને સર્ટિફીકેટ વિતરણ કરવામાં આવ્યાં હતું.

નોંધ : ઉપરોકત તમામ કાર્યક્રમો કો-ઓર્ડિનેટર ડો. ભાવિકાબેન કામદાર તથા ફેકલ્ટી મેમ્બર્સ શ્રી આરીફભાઈ જેઠવાના આયોજન અને માર્ગદર્શન નીચે સફળતાપૂર્વક યોજવામાં આવ્યાં હતાં.



# યુવક સંમેલન મુંબઈ લાઈબ્રેરી

✍ છાયા જોષી



## માર્ચ મહિના દરમ્યાન લાઈબ્રેરીમાં નીચે મુજબની એક્ટિવિટી કરાવવામાં આવી

કે.એન.શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ
૩૦ સ્પેલિંગ એક્ટિવિટી
૫૦ મેથ્સ એક્ટિવિટી
૨૫ ડોટ ટુ ડોટ વિથ કલરિંગ

સી.પી. સ્કૂલ, દિશા કમ વિકાસ પ્રોજેકટ
૧૨ સ્પેલિંગ એક્ટિવિટી
૨૫ મેથ્સ એક્ટિવિટી
૩૫ ડોટ ટૂ ડોટ એન્ડ કલરિંગ સરખામણી

## માર્ચ મહિના દરમ્યાન પ્રો. નવનીતભાઈ રાઠોડ દ્વારા ભેટ આવેલ પુસ્તકો

| પુસ્તકનું નામ | પ્રકાર |
|---|---|
| આપણા આરોગ્ય તીર્થ | ગુજરાતના ૪૮થી વધારે આરોગ્ય ધામનો પરિચય |
| તંદુરસ્તીના ટેકેદારો ગાજર, લસણ, મેથી, ઘઉંના જવારા | હેલ્થ પુસ્તિકા |
| નિસર્ગોપચાર કુદરત મય જીવન | હેલ્થ પુસ્તિકા |
| આહાર એજ ઔષધી | હેલ્થ પુસ્તિકા |
| ઊપવાસ | હેલ્થ પુસ્તિકા |
| કુદરતી ઉપચાર | હેલ્થ પુસ્તિકા |
| ફળાહાર રસાહાર | હેલ્થ પુસ્તિકા |
| તમે જ તમારા ડોકટર બનો | હેલ્થ પુસ્તિકા |
| ૧૦૦ વર્ષ નીરોગી રહો | હેલ્થ પુસ્તિકા |
| સ્કૂલ અને ટ્યુશન સિવાયની કેળવણી - ૨ | પાંચથી પંદર વર્ષના બાળકોના વાલીઓ માટે |
| વિનોબાજીના ગીતા પ્રવચનો | હૃદય શુધ્ધિ અને જીવનના વહેવારમાં પરિવર્તન લાવનાર પુસ્તક |
| કારકીર્દિ દર્શન | ધો. ૧૦ અને ધો. ૧૨ સામાન્ય પ્રવાહ પછી શું ? |
| કારકીર્દિ ભોમિયો | ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી શું ? |
| મા તે મા | કહેવતમાં રહેલ સત્યને ઉજાગર કરતી પુસ્તિકા |
| ગુજરાતના વૃધ્ધાશ્રમો | વૃધ્ધાશ્રમોના ફોન નં. અને એડ્રેસની માહિતી આપતું પુસ્તક |

## PNR સોસાયટીના સેરીબ્રલ પાલ્સિ બાળકોનું
## રાજય કક્ષાના સ્પેશ્યલ ખેલ મહાકુંભમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન






પી.એન.આર. સોસાયટી સંચાલિત ‘નટરાજ’ સી.પી. સ્કૂલ, તેમજ અન્ય વિભાગો દ્વારા તાજેતરમાં નડિયાદ ખાતે યોજાયેલ રાજય કક્ષાના સી.પી. ખેલ મહાકુંભ-૦૩ માં ભાગ લીધો હતો. જેમાં ‘નટરાજ’ સી.પી. સ્કૂલના ચિંતન ઢાપાએ બોચી રમતમાં ગોલ્ડ મેડલ તથા ગોળાફેંકમાં બ્રોન્ઝ મેડલ, ભીલ સાવને શોટપુટ અને ચક્રફેંક બંનેમાં સિલ્વર મેડલ, બારૈયા ઉમેશે ચક્રફેંકમાં બ્રોન્ઝ મેડલ, તેમજ TTC (MD) માં જીયા પટેલે ૧૦૦ મી. દોડમાં સિલ્વર મેડલ અને ચક્રફેંકમાં બ્રોન્ઝ મેડલ તેમજ દિશા કમ વિકાસ પ્રોજેકટના તાલીમાર્થી શેખ તમન્નાને બોચી રમતમાં સિલ્વર મેડલ અને અશ્વિન સોલંકીને બોચી રમતમાં સિલ્વર મેડલ મેળવેલ છે. આ ઈવેન્ટમાં કુલ ૧૮ વિદ્યાર્થીઓના શ્રેષ્ઠ પ્રદર્શન સાથે ખેલાડીઓએ કુલ ૧૦ મેડલ પ્રાપ્ત કરી, ભાવનગર જિલ્લા તેમજ પી.એન.આર. સોસાયટીનું ગૌરવ વધારેલ છે.

આ પ્રસંગે સેરીબ્રલ પાલ્સિ સ્પોર્ટ્સ ફેડરેશન-ગુજરાતના પ્રમુખ શ્રી પારસભાઈ શાહ, ઉપપ્રમુખ શ્રી ભરતભાઈ ઠક્કર, મંત્રી શ્રી કમલેશભાઈ ખોખરી વિગેરેની ઉપસ્થિતિમાં કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો અને દરેક વિજેતા લાભાર્થીને મેડલ, તેમજ સ્પોર્ટ્સ માટેના ટ્રેક શુટ અપર્ણ કરવામાં આવ્યાં હતાં.

# પી.એન.આર. સોસાયટી, ભાવનગર ખાતે પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપ



યશ મહેતા

**પાર્કિન્સન્સ (કંપવા) રોગ શું છે ?**

પાર્કિન્સન્સ રોગ વિશ્વભરમાં લાખો લોકોને અસર કરતો મગજને લગતો રોગ છે. આપણા શરીરને ઉપયોગી એવું એક મગજનું રસાયણ-ડોપામાઈનને ઉત્પન્ન કરતા મગજના કોષો અમુક કારણોસર નાશ પામવાના કારણે, શરીરના જુદા-જુદા અવયવોને અસર કરે છે.

**પાર્કિન્સન્સ રોગના લક્ષણો :** આ રોગના લક્ષણોને મુખ્યત્વે બે ભાગમાં જુદા પાડી શકાય છે.

**૧. Motor (હલન-ચલનને લગતા) લક્ષણો :**

હાથ, પગ, જડબામાં ધ્રુજારી આવવી.

હલન-ચલન ઓછું અને ધીમું થઈ જવું.

સ્નાયુઓ જકડાઈ જવા.

સમતોલનની તકલીફો.

**૨. Non-Motor લક્ષણો :**

| | |
|---|---|
| ઉદાસી / હતાશા | - ચિંતા |
| ઉંઘની તકલીફો | - કબજીયાત |
| મોઢામાંથી લાળ પડવી. | - મૂડમાં ફેરફાર થવો. |

યાદશક્તિ અને વિચારશક્તિની તકલીફો.

આ રોગ મોટા ભાગે ૬૦ વર્ષથી ઉપરના લોકોમાં જોવા મળે છે. પરંતુ યુવાનોમાં પણ આ રોગ થઈ શકે છે. જેને યંગ ઓનસેટ પાર્કિન્સન્સ રોગ કહેવાય છે.

**પાર્કિન્સન્સ રોગની સારવાર :**

પાર્કિન્સન્સ રોગમાં દવાઓ અને થેરાપીઓ દ્વારા લક્ષણોને સારી રીતે સુધારી શકાય છે.

દવાઓમાં L - dopaજેવી ડોપામાઈનનું સ્તર વધારવા ઉપરાંત, ડોપામાઈનની અસર વધારવા જેવી દવાઓથી સારવાર કરવામાં આવે છે. સર્જીકલ ઓપ્શનમાં DBS સર્જરી દ્વારા લક્ષણો કાબુમાં લેવાતા હોય છે.

જુદી-જુદી થેરાપીઓ પાર્કિન્સન્સ રોગના દર્દીઓના લક્ષણો સુધારવા, ઉપરાંત રોજિંદી ક્રિયાઓમાં થતી તકલીફો દૂર કરવામાં પણ ઉપયોગી છે.

**પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપ :**

BKPPDMDS અને PNR સોસાયટીના સંયુકત ઉપક્રમે ચાલતા સપોર્ટ ગ્રુપમાં, વિનામૂલ્યે ગ્રુપ થેરાપી સેશન દ્વારા પાર્કિન્સન્સના દર્દીઓને સારવાર આપવામાં આવે છે.

મે, ૨૦૨૫ : મે મહિનામાં દર્દીઓને તેમની રોજિંદી જીવનની પ્રવૃત્તિઓમાં થતી તકલીફો સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવેલ. ઓકયુપેશનલ થેરાપીના સ્પેશિયલ સેશનમાં ડો. પ્રવીણ દેશમુખ (ઓકયુપેશનલ થેરાપીસ્ટ), દ્વારા દર્દીઓને કસરતો અને ઘરગથ્થુ ઉપાયો દ્વારા કઈ રીતે રોજિંદી ક્રિયાઓ સુધારી શકાય અને દૈનિક દિનચર્યાઓને સરળ અને સ્વતંત્રતાથી કરી શકાય તેના પર માર્ગદર્શન આપેલ.

પી.એન.આર. હોસ્પિટલ ખાતે દર રવિવારે સવારે ૧૦:૩૦ કલાકે પાર્કિન્સન્સ રોગના દર્દીઓ માટે વિનામૂલ્યે ગ્રુપથેરાપીના સેશન લેવામાં આવે છે. આ ઉપરાંત, દર ગુરૂવારે સાંજે ૫:૦૦ કલાકે, ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકો માટે તંદુરસ્તી કઈ રીતે જાળવવી ? તેના વિશે **હેલ્ધી એજીંગ પ્રોગ્રામ**ના વિનામૂલ્યે સેશન લેવામાં આવે છે.

આ સેશન દ્વારા ૫૦૦ કરતા પણ વધારે લોકો આ સેવાઓનો લાભ લઈ રહ્યાં છે.

BKPPDMDS ના માર્ગદર્શન નીચે ડો. અમિત મિત્રા, ડો. ભાવિન માંડવિયા, ડો. આયુષી ત્રિવેદી , ડો. વિધીબેનની ટીમ દ્વારા દર્દીઓને માર્ગદર્શન અને સારવાર આપવામાં આવે છે.



# ૧ થી ૩૧ મે ૨૦૨૫ સુધીના દાતાઓની યાદી

PNR
HOPE 4 ALL

## P. N. R. SOCIETY

### 80-G

| | Rs. |
|---|---|
| Shri Natvarlal Ramniklal Chanchad - Bhavnagar | 5,000 |
| Shri Kirit B.Rachh - Mumbai | 11,000 |
| Shri Harsha Sheth - Mumbai | 10,000 |
| Shri Hetal Bakulesh Shah - Mumbai | 10,000 |
| Shri Vijaybhai Batukray Shah - Mumbai | 5,001 |
| Shri Mukesh Mahendraprasad Oza - Mumbai | 50,000 |
| Shri Gigabhai Nathubhai Charity Trust - Mumbai | 1,00,000 |
| Shri Hemlata Sureshkumar - Rajasthan | 2,000 |
| Shri Hemlata Sureshkumar - Rajasthan | 3,000 |
| Shri Mahendra Shantilal Trivedi - Gandhinagar | 11,000 |
| Shri Manoj Pande - New Delhi | 10,000 |
| Shri Tarala Rajnikant Gandhi - Mumbai | 5,00,000 |

### FCRA

| | $ |
|---|---|
| The Dalal Family Foundation Inc. - USA Pravinchandra Dalal Rehabilitation Centre Building Fund | 60,255 |
| PNR-USA Foundation Inc. - USA Retrofitting/Repairing Of Disabled/ Handicapped | 10,000 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| | Rs. |
|---|---|
| Shri S And S Export - Mumbai | 7,000 |
| Shri Jayshreeben Hareshbhai Sanghavi - Bhavnagar | 15,000 |
| Shri Mahuva Refinery - Bhavnagar | 1,000 |
| Shri Natwarlal Ramniklal Chanchad - Bhavnagar | 5,000 |
| Late Sarojben Batukray Shah - Mumbai | 5,001 |
| Shri Shashikalaben Rameshchandra Mehta - Bhavnagar | 10,000 |
| Shri Shashikalaben Rameshchandra Mehta - Bhavnagar | 10,000 |
| Shri Mukesh Oza - Mumbai | 50,000 |
| Shri Mukesh Keshavlal Shah - Mumbai | 5,000 |
| Shri Prabhaben Gokaldas Garach - Jetpur | 1,000 |
| Shri Trambaklal Sundrji Kamdar Chritable Trust - Bhavnagar | 1,04,265 |
| Shri Snehal Bhupesh Shah - Mumbai | 10,000 |
| Shri Pankaj Dhanvantray Ranpura - Ankleshwar | 1,001 |
| Rotary Club Of Surendranagar - Surendranagar | 15,000 |
| Shri Snehal Bhupesh Shah - Mumbai | 10,000 |
| Shri Snehal Bhupesh Shah - Mumbai | 10,000 |
| Shri Snehal Bhupesh Shah - Mumbai | 10,000 |
| Shri Snehal Bhupesh Shah - Mumbai | 10,000 |
| Shri Snehal Bhupesh Shah - Mumbai | 10,000 |
| Shri Snehal Bhupesh Shah - Mumbai | 10,000 |
| Shri Snehal Bhupesh Shah - Mumbai | 10,000 |
| Shri Snehal Bhupesh Shah - Mumbai | 10,000 |
| Shri Snehal Bhupesh Shah - Mumbai | 10,000 |
| Shri Pragneshbhai Sheth (Sheth Brothers) - Bhavnagar | 4,000 |
| Shri Pragneshbhai Sheth (Sheth Brothers) - Bhavnagar | 4,000 |
| Shri Dilipbhai Sorathiya - Bhavnagar | 1,100 |
| Shri Nikhil Mahendrabhai Panchamia - Mumbai | 25,000 |
| Shri Amrish Ganeshbhai Chaklasiya - Surat | 25,000 |

## ANKUR SCHOOL FOR M. R. CHILDREN

COMMITMENT TO EXCELLENCE

| | Rs. |
|---|---|
| M/S. Star Corrugating Industries - Mumbai | 1,00,000 |
| M/S. Star Packaging Industries - Mumbai | 1,00,000 |
| M/S. R K D J R Charitable Trust - Goa | 1,00,000 |
| M/S. Jade Blue Lifestyle India Limited - Ahmedabad | 25,000 |
| Shri Mukesh Keshavlal Shah - Mumbai | 22,000 |
| Shri Shiraz Sadruddin Lalani - Mumbai | 10,707 |
| Shri Narendra Vyas - Thane | 6,500 |
| Shri Natwarlal Ramniklal Chanchad - Bhavnagar | 5,000 |
| Shri Rajesh B. Shah - Thane | 5,000 |

## સમાજ સુરક્ષા અધિકારીશ્રીની મુલાકાત

સમાજ સુરક્ષા અધિકારીશ્રી સુરેશભાઈ જે. ચૌધરી સાહેબ સાથે દિવ્યાંગો અને સંસ્થાઓના વિવિધ પ્રશ્નો અંગે ચર્ચા કરી આવેદન આપ્યું હતું. જેમાં PNR સોસાયટીના માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ અને 'અંકુર' સંસ્થાના માનદ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠે પ્રભાવશાળી રજૂઆત કરી હતી, શ્રી ચૌધરી સાહેબે પ્રશ્નોની અગત્યતા સમજી, ઉકેલ લાવવા પ્રયાસ કરવાની ખાત્રી આપી હતી.

# PNR સોસાયટી તસ્વીર સમાચાર


સી. પી. સ્કૂલમાં 'સમર કેમ્પ'...


સમાજ સુરક્ષા અધિકારીશ્રીની મુલાકાત...


'સમર કેમ્પ'માં દિશા ક્રમ વિકાસના બાળકો...


PNR ટેક્નોલોજી ઈન્સ્ટિટ્યુટ દ્વારા દિવ્યાંગોને લેપટોપ વિતરણ...


'અંકુર' સ્કૂલ દ્વારા CRE કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો...

Koshish thi Kamyabi ◆ R.N.I. No. GUJGUJ/2013/48176 ◆ Postal Reg. L2/36/RNP/BVR-414/2025-27 ◆ Monthly
Date of Publication : 15 June - 25 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com